અકબર બીરબલ નિમિત્તે હિંદી કાવ્યતરંગ

અકબરશાહ ને બીરબલ

અકબર બાદશાહ જેવો લડાઇમાં શૂરો અને રાજનીતિમાં નિપુણ હતો તેવોજ તે વિદ્યાવિલાસમાં રસિઓ હતો. મોટા મોટા મુલ્લાં અને શાસ્ત્રીઓને બોલાવી તેમનાં વાદવિવાદમાં આનંદ માણતો હતો. મુલ્લાં ફૈજી અને અબુલફઝલ તો અકબરના આશ્રયવડે અકબરના જેટલાજ પ્રસિદ્ધ થઈ ગયા છે. એના વખતના મિયાં તાનસેને સંગીતકળામાં જે કીર્તિ મેળવીછે તેવી હજી કોઇએ મેળવીજ નથી. જગન્નાથ પંડિત દક્ષિણમાંથી આવી એના આશ્રય વડે રાજઋદ્ધિ પામ્યા હતા, અને તેમણે પોતાનું કકકડ કવિત્વ તથા કઠિણ પાંડિત્ય દર્શાવી સંસ્કૃત વિદ્યાના ગુલ થતા દીવાને ઘડીભર ખૂબ તેજસ્વી કર્યો હતો. ગંગ કવિ સાહિત્યનાં અનેક કવિત વખતો વખત અકબરશાહની મોહોર દ્વારા દેશમાં ફેંક્યાજ કરતો હતો. બીરબલે આવી પોતાનું ચાતુર્ય તથા કવિત્વ એવું બતાવ્યું કે એના જેવી બાદશાહની કોઈ ઉપર પણ પ્રીતિ નહોતી. બીરબલ જાતે (કોઇકના કહેવા પ્રમાણે) નાગર બ્રાહ્મણ હતો. એ એવો હાજર જવાબી તથા ખબરદાર હતો કે સર્વેનાં મન હરણ કરવાની એનામાં અપૂર્વ શક્તિ હતી. તે કવિતા પણ સારી કરતો હતો. એને અર્વાચીન કાળનો કાળિદાસ કહીએ તો ખોટું નથી. એને અકબરબાદશાહ હમેશાં કબિરાયજ કહેતો હતો. હાલ લોકમાં એના ચાતુર્યની કહાણીઓ ઘણી ફેલાઇ ગઇ છે અને તેથી એની કવિરીતની કીર્તિ કાંઇક અંધારામાં પડી છે ખરી, તોપણ ફારસી ગ્રંથોમાં એના ટુચકાઓ માલમ પડે છે. સંસ્કૃત અને વ્રજ ભાષામાં પણ એજ રીતે તે પ્રસંગોપાત કવિતા બોલતો તેથી અમે અત્રે બીરબલને નામે કેટલાક તરંગ દાખલ કરીએ છઇએ.

બીરબલનું મૂળ નામ તો શિવદાસ હતું. તે કુળવાન પણ ગરીબ ઘરનો હતો. તે સમયમાં મુત્સદ્દીને લાયકની જે કેળવણી ગણાતી હતી તે બધી તેણે લીધી હતી. ભૂલશો નહિ કે તે વેળા પણ મુત્સદ્દીની કેળવણી હાલના જેવી તુચ્છ અને ધિક્કારવા જોગજ હશે. તે વેળા જેવો આપણો દેશ હતો, જેવા કારભારીઓ હતા, તેવી કેળવણી હતી. હાલ પણ જૂના કારભારીઓમાં કોઇ કોઇ ઠેકાણે આવી ઉંચી કેળવણીની છાયા દીઠામાં આવેછે. પણ ત્રણસે ચારસે વર્ષ ઉપર તો કોઇપણ માણસ રાજદરબારમાં પેસવાની હિંમત રાખે તે પહેલાં હિંદી, ફારસી, સંસ્કૃત ભાષાઓ સારી પેઠે ભણવાની જરૂર સમજતો હતો. થોડું ઘણું કવન પણ સઘળા કરી જાણતા. જુનાગઢના રણછોડજી દિવાનનો દાખલો તો હજી આપણા ગૂજરાતમાં તાજો છે.

એ પ્રમાણે અભ્યાસ કરી નોકરીની આશાએ બીરબલ દિલ્લીમાં આવ્યો.

અકબરશાહ કવિઓનો ઘણો પોશિંદો છે એવું એણે ચારે તરફથી સાંભળ્યું હતું અને તેથી એણે એ બાબત ઊપર વિશેષ લક્ષ આપ્યું હતું. જાતનું વળગણ તથા શોખ પણ તે તરફ હતાં. તેથી દિલ્લીના દરવાજામાં પેઠા કે એના મનમાં તો એમ થવા લાગ્યું કે ક્યારે હું કચેરીમાં જાઊં, અને કવિરાજ કહેવાઊં. તોપણ એ પહોંચેલો હતો. શેહેરીઓના અસલ સ્વભાવ પ્રમાણે બારોબાર ધૂળભર્યાંજ દેદારે ત્યાં જવાનું મન તો થયું, પણ તેને દાબી રાખી રાતવાસો એક મુસાફરખાનામાં જઇને ઉતર્યો. સવારમાં ઉઠી દિલ્લીવાળાઓના ફક્કડ પોશાક જોઈ એના મનમાં લાગ્યું કે જો હું મારા આ ગામડીએ લૂગડે દરબારમાં જઇશ તો મને ધક્કા મારીને કાઢી મૂકશે. એમાં કાંઈ શક નહિ. તેથી પાસે ખરચીમાં પાંચ રૂપીઆ બાકી રહ્યા હતા તેમાંથી એક રૂપિઓ ધોબીને આપી તેની સાથે એવી બોલી કરી કે તારે મને ત્રણ દહાડા સુધી તાજાં કડકડતાં લૂગડાં આપવાં, અને કચેરીમાં જઇ આવ્યા પછી હું તને પાછાં આપીશ. પછી ખાઇપીને શેહેર જોવાને તથા બાતમી કાઢવાને નીકળ્યો.

ફરતાં ફરતાં એ થાકી ગયો, પણ શહેરનો પાર આવ્યો નહિ. લોકો એવા બેદરકાર અને ટિખળી માલમ પડ્યા કે કોઈ રસ્તોજ બતાવે નહિ, ને કોઈ કદાપિ બતાવે તો એવો આડો કે ક્યાંનો ક્યાં એ બિચારો પરદેશી કુટાયાંજ કરે. કોઈ મોટું મકાન જોય કે એના મનમાં એમ લાગે કે આ પાદશાહનો મહેલ આવ્યો. પણ તપાસ કરતાં જણાય કે એતો કોઈ સાધારણ વેપારી કે મુત્સદ્દીનું ઘર છે. કોઈ ઠાઠ ભર્યો રસાલો જતો દેખે કે ધારે કે એ પાદશાહની સ્વારી હશે, પણ પૂછતાં એનું નામ કોઈ દિલ્હીમાં જાણતું નથી એવો તે અપ્રસિદ્ધ નીકળે. એમ રખડતાં રખડતાં અને ભમતાં ભમતાં સાંજ પડવા આવી, પણ પાદશાહની કચેરીનો તો કાંઈ પણ પત્તો લાગ્યો નહિ. તેથી પાછો વળ્યો અને ઉતારો જડતાં એટલી મુશીબત પડી કે થાકીને લોથ થઈ જઈ વગર ખાધે ને પીધે એક સાદડી ઉપરજ સૂઈ ગયો. ત્યાં કોઇ ભઠીઆરો ભાતભાતનાં મુસલમાની ખાનાં વેચવાને આવ્યો હતો. તેણે તો કાંઇ ખરીદ કરી પોતાની ભૂખ શાંત કરવાને એને ઘણોએ સમજાવ્યો. કહ્યું કે દિલ્હીમાં ઘણાએ હિંદુ મારી પાસે આવીને છાનામાના મઝા મારી જાય છે, અને અલ્લાના કસમખાઈને જાહેર કર્યું કે "નાનમેં તો કુચ બિટાલ નહિ હૈ", તોપણ એ બીરબલે માન્યું નહિ, ત્યારે તે પરમાર્થી ભઠીઆરો ચીડવાઇને ચાલ્યો ગયો, અને બબડતો ગયો કે આવા ગમાર કાફરોને રસુલઅલ્લાના ફરમાન મુજબ મારીનેજ દીન બોલાવ્યા વિના કદી પણ સમજવાના નથી.

બીજે દહાડે તો બીરબલે ગમે તેમ કરીને પાદશાહી મહેલનો પત્તો મેળવ્યો; જાતે તે જઇને બાહરથી જોઈ આવ્યો; ત્યાં જવાની ગલીએ ગલી ઓળખી રાખી; રાત્રે દરરોજ વિદ્વાન મંડળ ક્યારે ભેળું થાય છે તેની ખૂદ દરવાન પાસેથીજ બાતમી મેળવી; અને ખૂશી થતો મધ્યાન્હ પહેલાં ધર્મશાળામાં પાછો આવ્યો. હરખમાં કંસારનાં મિષ્ટાન્ન ઉડાવ્યાં અને નિરાંતે બે ઘડી નિદ્રા પણ લીધી. પાછલે પહોરે ઉઠી મોં ધોયું, મૂછને વળ દીધા, શિખા ટિકા સમારી કસબી ફેટો બાંધી લીધો, કડકડતા નવરંગી કોકા પટકાવ્યા, અને આઇનો હાજર ન હોવાથી કંકુની દાબડીના ચાટલામાં હરખથી પોતાનું મોં નિરખી ધર્મશાળાની બહાર નીકળી પડ્યો. બારણે ઉભા ઉભા અર્ધીક ઘડી

તો શુકન જોવામાં કાઢી. પણ પાછળથી સમજ્યો કે દિલ્લી જેવું ઘીચ વસ્તીવાળું શહેર જ્યાં સો સારા અને સો માઠા શુકન એક પલકમાં આવી જાય ત્યાં શુકન જોવા ઉભા રહેવું એ કાંઇજ કામનું નથી. નગરવાસથી જે વિચારમાં સુધારો થાયછે તેના આ પ્રમાણે ગણપતિ બેઠા; અને બીરબલ વગર શુકને આગળ ચાલ્યો. આ રીતે નિભ્રાંત પગલું મૂક્યું કે તુર્તજ સામી એક સવચકી ગાય મળી અને પાછળથી બંદુકના ભડાકા જેવી ત્રણ છીંકો થઈ. આથી એ જરા ખંચાયોતો ખરો પણ ફિકર નહિ એમ કહિ પોતાને રસ્તે પડ્યો. વાટે અત્તરીઆની દુકાનેથી ભાત ભાતના અત્તર લઈ રૂમાલમાં નાંખ્યાં, અને કોથળીમાં કેટલા દામ શિલક રહ્યાં છે તેનો જરા પણ વિચાર કર્યો નહિ. એના મનમાં નિશ્ચય હતો કે પાદશાહની મુલાકાત થઈ કે તેની પ્રીતિ થતાં વાર નથી અને તેમ થયું તો પછી પૈસો એ શી ચીજ છે. પણ રાજમહેલ આગળ પહોંચતાં એને એક અણધાર્યું વિઘ્ન નડ્યું. દરવાને એને બાતમી આપી હતી ખરી, અને બીરબલની વાણીથી મોહિત પણ થઈ ગયો હતો ખરો, તોપણ તે પોતાની દસ્તુરીવિના નવા ઉમેદવારને દાખલ કરે એવો કાંઈ કાચો નહતો. દસ્તુરી કહો, પાનસોપારી કહો, કે ચેરીમેરી કહો, પણ અમીરોના દિવાનખાનામાં પેસવાનો ખરો પરવાનો એજ છે. બધાને મળવાને માટે મોટો કામદાર ગમે એટલો આતુર હોય તોપણ દરવાનના હાથ પૂજ્યા વિના કોઇ પણ તેની રૂબરૂ પહોંચી શકતો નથી. બીરબલની વ્યવહારબુદ્ધિ જન્મથીજ અસાધારણ હતી તેથી તે પોતાની ગણત્રીમાં આ વાત ભૂલી ગયો નહોતો, પણ પાદશાહના દ્વારપાળ જોગું એની પાસે કાંઈ આપવાનું હતું નહિ, અને તેથી એણે તેને કહ્યું કે મને આજની મુલાકાતે જે મળશે તે બધું હું તને આપીશ. આ સાંભળી બુઢ્ઢો દરવાન ખડખડ હસી પડ્યો, અને બોલ્યો કે બીરબલ તું બડો બેવકુફ દેખાય છે કે મને તું બેવકુફ ધારે છે. હજારો દરબારમાં ધક્કા ખાઈ પાયમાલ થઇ પાછા ચાલ્યા જાય છે અને તેમની ઉમેદ જરાપણ પાર પડતી નથી. તું કહેછે એવા જો કરાર કરવા હું બેસું તો મારાં છોકરાં ભૂખે મરે. ભાઈ, અમે તો રોકડીઆ, અમને અમારી દસ્તુરી આપો અને પછી તમારા કિસ્મતમાં હોય તે તમે પામો. અમારે એ વાતની કાંઈ પણ લલુતા નથી. બીરબલે બહુએ જુક્તિ કરી, કાલાવાલા કર્યા. અને બહુએ આડાઅવળા પાસા નાખ્યા, પણ તેથી કાંઈ પેલો ડગ્યો નહિ. આખરે બીરબલે કહ્યું કે મને અંદર જવા નહિ દેતો ફિકર નહિ, પણ આ કાગળ ઉપર હું દૂહો લખી આપુછું તે પાદશાહને પોહોંચાડી આવ; આ સાંભળી દરવાન તો છેક રાતો પીળોજ થઈ ગયો, ને તે કાગળ હાથમાંથી ઝુંટી ચાર કકડા કરી પાસે હોજ હતો તેમાં ફેંકી દીધો, અને એને એક ધક્કો મારી દૂર હાંકી મૂક્યો. બીરબલે બહુએ પોકાર કર્યા પણ કોણ સાંભળે ? આ ઉપરથી એ જગા ઉજ્જડ હતી એમ સમજશો નહિ. હજારો ઘોડીની ત્યાં ઠઠ મચી રહી હતી એ પહેરેગીરો પહેરો ફરી રહ્યા હતા. પણ કોની તાગાદ કે પાદશાહી દરવાનને કાંઇ કહી શકે? પહેરેગીરોએ સાંભળ્યું તેનું ફળ તો એ થયું કે એનો હાથ પકડી મહેલથી અગાડી દૂર તેમાંનો એક એને પહોંચાડી આવ્યો અને કહ્યું કે જો આવું ધાંધલ ફરીથી મચાવીશ તો તને પકડીને તુરંગમાંજ ઘાલીશું. રજા વિના હજુરમાં જવાય ?

આ બનાવથી બીરબલની સઘળી આશાઓ પડી ભાગી. જ્યાં શાહની સન્મુખ

જઈ શકાતું નથી ત્યાં પછી એની બધી કવિત્વ શક્તિ શા કામમાં આવે? પાસે ખર્ચી સઘળી ખૂટી પડી હતી. વાંસળી છોડીને જોયું તો કાલનું મોદીખાનું વસાવવા જેટલા પણ પૂરા દામ રહ્યા નથી. હવે કરવું શું ? દિલ્હી જેવા મોંઘા શહેરમાં શી રીતે રહી શકાય? રહીને કરવું શું? ક્યાં સુધી રહેવું ? દિલ્હીમાં સો વરસ કાઢે તોપણ દરવાન તો એની દસ્તુરી વિના દાખલ કરવાનો નથીજ. એનું મોં કેવડું ? સો સો ને હજારો મોહોરો તો એના એક દાંત નીચે દબાઈ જતી અને એ પ્રસન્ન થતો નહિ. બીરબલના ઉપર ખાસ મહેરબાની કરીને સો મોહોરે કબુલ થયો હતો, પણ બીરબલ તે લાવે ક્યાંથી? પાછો પોતાને ગામ પગ ઘસડતો અને ભીખ માગતો જાય, તોપણ ઘરમાં સો રૂપિયા નહોતા તો સો મોહોરો ક્યે ઝાડથી તોડી લાવવી ? શું રાજ દરબારમાં જવાનો લોભજ છોડી દેવો? શું બીજાઓની પેઠે પ્રથમ કોઈ હલકા મુત્સદ્દીનો આશ્રય પકડવો અને પછી નશીબ ઉપર હાથ મૂકી બેસવું ? એમ કરેથી ધારેલી મોટી ઉમેદો શી રીતે પાર પડે? વખતે જિંદગી પૂરી થાય તોપણ બાદશાહની હજુરમાં જવું જ બની શકે નહિ. આમ કરેથી મુત્સદ્દીપણાના કાંઈ કોડ કદાપિ પૂરા પડે, પણ કવિરાજ થવાની આશા તો નિર્મૂળજ થાય. સામાન્ય બુદ્ધિવાળાની નોકરી ઉઠાવવી એના જેવું ભૂંડું શું ? એમાં શો માલ? શું હું બીરબલ એથીજ સંતોષ પામું ? આ પ્રમાણે નાના પ્રકારના ખ્યાલ એના મનમાં ઉછાળા મારે અને એને કાંઇ સૂઝ પડે નહિ. ઉદાસીમાં છેક ગરક થઈ ગયો, છાતી ભરાઇ આવી, અને આંખમાંથી દડદડ આંસુ ચાલવા લાગ્યાં. તોપણ જાતે ધીરજવાળો હતો તેથી જીવ કઠણ કરીને ઉતારે પાછો આવ્યો, અને સુતો સુતો હજારો અંદેશા કરવા લાગ્યો. એના મનમાં એવોજ આગ્રહ ભરાયો કે એ દરવાનના મોમાં તમાચો મારી કાંઇ પણ આપ્યા વિના હું સરેતોરે કચેરીમાં જાઉં, પાદશાહને રંજન કરૂં, અને તેજ ક્ષણે હું માનીતો થાઉં તોજ મારૂં નામ ખરૂં. પણ તે થાય કેમ ? એક તજવીજનો વિચાર કરે અને પછી પડતી મૂકે. એમ હજારો યુક્તિનું ચિંતવન કર્યું, પણ રસ્તો સૂઝે નહિ. આખરે પાછલી રાત્રે એને એક એવો સરસ બુટ્ટો સુઝ્યો કે એને રૂએ રૂએ હરખ વ્યાપી ગયો અને હું ફતેહ પામીશ એવો નિશ્ચય કરી નિરાંતે ઉંઘ્યો.

અકબર અને બીરબલ ભાગ-૨જો

અકબરશાહ જેવા શાણા પાદશાહના દરબારમાં પણ દરવાનનું આટલું બધું ચલણ જોઇને બીરબલને ઘણું આશ્ચર્ય તથા માઠું લાગ્યું. એણે કહ્યું કે શું રાજ્યશ્રીની તૃષ્ણા રાખનારાઓના નશીબના દરવાજા પણ પાદશાહોએ આવા નીચ દરવાનનેજ સ્વાધીન કરી દીધા છે? આ હિસાબે તો પાદશાહ કરતાં પણ પોળિયાનો અખ્તિયાર પરોપકાર કરવાના કામમાં વધ્યો. શું અકબર પાદશાહ પણ સમજતો નહિ હોય કે દરવાનના હાથમાં આટલો બધો અખ્તિયાર આપવાથી પોતાના સઘળા સદ્ગુણ રાજ્યને નિરૂપયોગી થઇ પડે છે અને દેશમાં જુલમ અને અંધેર ચાલતાં હોય તેને અટકાવવાને એના હાથમાં કાંઇ પણ સાધન રહેતાં નથી?

નાઉમેદીના પ્રથમ ઉભરામાં આ પ્રમાણે બીરબલે અકબરની બુદ્ધિનો ફિટકાર કર્યો ખરો, પણ જ્યારે જરા શાંત પડી વિચાર કર્યો ત્યારે એણે જોયું કે એમાં કાંઈ એનો

વાંક નથી. રાજદરબારમાં એમ થયા વિના રહેજ નહિ. મોટા માણસો પાસે પોતાનો સ્વાર્થ સાધવાને એટલા બધા લોકો આવવાને ઇચ્છેછે કે તેમાં કોની અર્જ સાંભળવા જોગ છે એ પ્રથમ મુકરર કરવાની ઘણીજ જરૂરછે. ઘણો ભાગ ન્યાયને માટે નહિ પણ દયા ઉપજાવી પોતાનું કામ કાઢી લેવાનેજ આવેછે. એથી પણ ઘણા તો મોટાનું ઓળખાણ 'કો કાળે ફળદાયક' છે એમ જાણીનેજ તેની આસપાસ મધમાખીની પેઠે ગણગણ કરવાને સદા ઈંતેજાર હોયછે. કેટલાકતો ખુદ અન્યાય અને જુલમ કરવાની શક્તિ મેળવવાને અર્થેજ રાજદરબારની તૃષ્ણા રાખેછે. કેટલાક તો રાજમૂર્તિના કીરણોમાંજ બેસવું એ પરમ પદાર્થ માનેછે, અને જેમ વાંદરાઓ ચણોઠીના તાપથી મગ્ન રહેછે તેમ તેઓને થાયછે. કેટલાક માત્ર તમાશગીર અને ચુગલીખોરજ હોય છે. માણસમાં અનેક પ્રકારના જે સ્વભાવ રહેલા છે તે પ્રત્યેક તેને રાજદરબારમાં જવાને ઉશ્કેરેછે, અને એમ ઉશ્કેરાઈને ઉલટી આવેલી ખલકને પાદશાહો એકેકીજ પળ બક્ષે તો બાવા આદમની જીંદગી પણ તે કામને સારૂ બસ થાય નહિ. કાંઈ પણ હદ કરવાની તો જરૂરછેજ. શા કામને માટે આવેછે તે પ્રથમ જાણવું જોઇએ. યોગ્ય કામ વિના આવનારને અટકાવી પાછા વાળવાજ જોઇએ. એ અટકાવનારો સઘળા દેશમાં અને સઘળા કાળમાં દરવાનજ છે. યોગ્ય કામે આવનારને પણ અટકાવે તો એ દરવાન ગુન્હેગાર થાયછે, અને સારા પાદશાહો એ બાબતની વખતે વખતે ઘટતી દેખરેખ રાખ્યાજ કરેછે, તે છતાં પણ એ અખ્તિયાર એવડો મોટોછે કે દરવાનો ઘણું કરીને તેનો ખોટો ઉપયોગ કરી પોતાનું ઘર ભર્યાવિના રહેતા નથી. રાજદરબારમાંથી વહી જતી રાજ્યલક્ષ્મીને અટકાવવાને એને બારણે બેસાડ્યો છે પણ તેની એક શેર તે પોતાના ઘરમાંજ વાળેછે, અને ત્યાં રેલછેલ થઇ રહેછે. પણ એ શેર એવડી નાની છે અને રાજદરબારમાં એની મહેરથી જે જવા પામેછે તેનાં ભાગ્ય એટલાં બધાં ઉઘડી જાયછે કે તેઓએ જે દરવાનને દસ્તુરી આપી હોયછે તેની ફરીઆદ પાદશાહને કાને કવચિતજ જવા પામેછે. એથી અર્જદાર, દરવાન, અને પાદશાહ એ ત્રણેની સુગમતા સચવાય છે, અને જ્યાં સુધી ઇનસાફનાં બારણાં ઉઘાડાં રહેછે ત્યાં સુધી કોઈને પણ કાંઇ પોકાર ઉઠાવવાનું અસરકારક કારણ મળતું નથી. જ્યારે અદાલતને દરવાજે પણ રૂસ્વતખોર દરવાનનો હાથ અડકે છે ત્યારે ઘણીજ ખરાબી થાય છે. અને તેથી હિંદુસ્તાનમાં જે મોટા રાજાઓ તથા પાદશાહો થઇ ગયાછે તે આ બાબત તો ઘણીજ કાળજી રાખતા હતા. લોકપર પડતા જુલમ જાણવા અને રંકમાં રંકની ફરિઆદ પણ પોતાને કાને આવે તેને માટે તરેહ તરેહની યુક્તિઓ તથા ગોઠવણ કરતા હતા.કોઇ વેશ બદલી નગરચર્ચા જોવા નીકળતા, કોઇ ખાનગી અનુચર રાખતા, કોઇ મહેલની નીચે રાહદારીઓને સારૂ ઘંટજ ટંકાવી રાખતા, અને કોઈ અદાલતનાં બારણાં રાતને દહાડો વગર દરવાને ઉઘાડાંજ રાખતા હતા.

અકબર બાદશાહનો એવો ધારો હતો કે રોજ સવારમાં ઉઠીને કલાક બે કલાક મહેલને ઝરૂખે બેસવું, અને ત્યાં જે કોઇ પોકાર કરતું આવે તેની ફરિયાદ સાંભળવી. એ ઝરૂખાની નીચે ધોરી રાજમાર્ગ હતો. ગાડી ઘોડાને એ રસ્તે જવા દેતા નહિ; પણ

સઘળા રાહદારીઓને જવાની સંપૂર્ણ છૂટ હતી એટલુંજ નહિ પણ વચગાળે સોનાની છડી લઇને નેકીદાર ઉભા રહેતા તે સૌકોને પોકારીને કહેતા કે "अकबरशाह धर्मासन पर बिरजमान हुवेहै! जिस्को कुच्छ फरियाद होवे ऊस्को वहां बुलाते है शाह व शाहुकार, बजीर वा दिवान, नवाब वा सुबा, अमीर वा ऊमराव, किसीकाही जुल्म होवे तौ निडर होके आओ और कहो. अदलके कांटेमें सभी समान है.'' એ રસ્તાને બંને છેડે ચોકી ઓ હતી ત્યાં વાજીંત્રોમાં એવાજ અર્થના બોલ ગવાતા, અને તે સાંભળી શહેરમાં ચોકીએ ચોકીએ એવો નાદ ઉઠી રહ્યાથી પ્રાણી માત્રને ખબર પડતી હતી કે અકબરશાહ ઇનસાફની ગાદીએ બિરાજમાન થયાં છે.જે લોકોને કાંઈ પણ ફરિઆદ કરવાનું હોય તે સવારમાં તૈયાર થઇને એ રાજ મહેલના ઝરૂખા નીચે આવીને અગાઉથી બેસી રહેતા અને જ્યારે પાદશાહ ત્યાં પધારતા ત્યારે નમસ્કાર કરી "ફરિઆદ", "ફરિઆદ", એમ પોકારતા કે તુર્ત પાદશાહ તેમને પોતાની રૂબરૂ બોલાવતો. કોઈની પણ તાગાદ નહી કે એ માર્ગે આવનારને અટકાવી શકે, કેમકે ઝરૂખામાંથી પાદશાહની નજર અધ અધ ગાંવ સુધી બે તરફ પહોંચે એવો તે માર્ગ સીધો હતો, અને પાદશાહની એ બાબત એવી સખ્તી હતી કે રાહદારીને અટકાવવાનો વિચાર સ્વપ્નામાં પણ કોઈને થતો નહિ. આ વેળા સૌકોને મોટામાં મોટા અધિકારી ઉપર પણ ફરિઆદ કરવાને છૂટ હતી. પોતાથી પણ જાણે અજાણે કાંઈ અન્યાય થઈ ગયો હોય તો તે બાબતની પણ ફરિઆદ વધારે ખૂશીની સાથે સાંભળતો. ઈનસાફ કરવામાં પોતાના સગા છોકરાની પણ ખાતર રાખતો નહિ. સઘળી હકીકત પોતેજ સાંભળતો, પોતેજ તપાસ કરતો, અને પોતેજ એક ઘડીમાં ઈનસાફ આપતો. એ વેળા કોઈ પણ મહેતા મુત્સદ્દીને પાસે રાખતો નહિ. કોઈ પણે કામદાર ઉપર ફરિયાદ આવી કે તેને તુર્તજ ત્યાં પકડી મંગાવતો અને ગુન્હેગાર જણાયો કે તેને ત્યાંને ત્યાંજ ઘટતી સજાએ પહોંચાડતો. એમ કહીએ તો પણ ચાલે કે અકબર બાદશાહની એ ઊંચામાં ઊંચી એપેલેટ કોર્ટ હતી પણ ફેર એટલો કે ત્યાં અપીલ કરવામાં કોડીનો ખરચ થતો નહિ. જુલમ કરનાર નીચલા અધિકારીની માર્ફતે ફરિઆદ લાવવી પડતી નહિ, અને ઈનસાફ તાત્કાળિક અને અસરકારક મળતો. ટુંકાંમાં એ હાલના જેવું સુધારેલું નહિ પણ સાદું અને સ્વાભાવિક ઈનસાફનું સ્થળ હતું, અને તેનું નામ સાંભળીજ સઘળા કામદારો પાંશરા દોર થઈ ગયા હતા.

ખાનબાબા પાસેથી રાજની લગામ પોતાના હાથમાં લીધી તેને બીજે દિવસથીજ અકબરે રૂબરૂ ઇનસાફની આવી રીત કહાડી હતી, અને ત્યાં એવા નિષ્પક્ષપાતપણે ન્યાય કરતો હતો કે સઘળા અધિકારીઓ પોતાની દુષ્ટતા ભૂલી ગયા હતા. અને દેશમાં તેમના ઈનસાફ પણ વખણાવવા લાગ્યા હતા. કેટલેક વર્ષ અકબરશાહનું ઝરૂખે બેસવું માત્ર નામનું જ થઈ રહ્યું. એના કામદારોની માર્ફત ગેરઈનસાફ મળે ત્યારેજ કોઈ દરબારમાં ફરિઆદ કરવા આવે કેની ? તો પણ પાદશાહ કદી પણ એ પદ્ધતિમાં ફેર પડવા દેતો નહિ. અને કહેતો કે દરરોજ સવારે વાંજીત્રોમાં ઈનસાફની બાંગ પોકારાય છે તે નિમાજની બાંગ કરતાં પણ અલ્લાને

વધારે પ્યારીછે.

આ રિવાજ મુજબ એક દહાડો અકબર બાદશાહ નાહી ધોઈ નિર્મળ પણ સાદાં વસ્ત્ર પહેરી તથા હજારો પાદશાહી ઉભી કરે એવા હીરાનો એકજ હાર કોટમાં ઘાલી ઝરૂખે સવારમાં બેઠો હતો. સૂર્યોદય તુર્તજ થયો હતો, અને એ તે તર્ફ સાનંદાશ્ચર્યથી જોઈ રહ્યો હતો. ઝરૂખામાં બંને બાજુએ બાદશાહની આસપાસ સો સો સિપાઈઓ ઉભા છે. તેમની ઉઘાડી તરવારો ઉપર સૂર્યનાં કિરણ પડવાથી એવો તો તેજનો અંબાર છવાઇ રહ્યો છે કે તેમાં બાદશાહનું પ્રતાપી મુખ સૂર્યના જેવુંજ પ્રકાશી રહ્યું છે. નીચે મેહેલના નવરંગો ઝળકારા મારી રહ્યા છે. અને સામેના બાગમાંથી ઘણીજ સુંદર સુગંધ બહેકી રહીછે, દુરથી વાજીંત્રોના મધુર સ્વર આવી કાનને અમૃતપાન કરાવે છે.ફરસ બંધી કરેલા રાજમાર્ગ ઉપર પાછલી રાતના ગુલાબના છંટકાવ કરી મુક્યા છે, તેની જે લહેર આવેછે તેથી રાહદારીઓ સ્વર્ગનું સુખ અનુભવેછે. મહેલ આગળથી હજારો માણસ જા આવ કરેછે પણ પગરવ સરખો પણ સંભળાતો નથી-જાણે પોતાનો નિર્મળ પ્રતાપ સુર્યની સાથે સરખવવામાં ગુંથાએલા ઈનસાફી પાદશાહને હરકત ન કરવી એવો સઘળી પ્રજાએ સંપજ કર્યો હોય. એવી રીતે લીલા જામી રહીછે. તેવામાં ત્યાં એક જોગી આવી પહોંચ્યો. તેણે સર્વાંગે ભસ્મ લગાવી છે, એક લંગોટીજ વાળીછે, ખાંધે એક ફૂટેલું તૂંબડું અને સો થીગડાની એક ગોદડી લટકાવી છે, હાથમાં એક ત્રિશૂળ પકડ્યું છે, કપાળે સિંદૂરનું તિલક કર્યુછે, અને આંખો ફાટેલી ભયંકર દેખાય છે. જેવો તે ઝરૂખાની સામે ફર્યાદીને ઓટલે ચડીને ઉભો કે ત્યાં બે સિપાઈ ઉભા હતા તેમણે કહ્યું કે જો ફરિયાદ હોય તો "ફરિયાદહૈ, ફિરયાદ હૈ" એમ પોકાર કરો કે પાદશાહ તમને તર્ત ઉપર બોલાવશે. તે સાંભળી ફકીરીરાગે તે નીચે પ્રમાણે લલકારી બોલ્યો:-

फिरयाद है, फिरयाद है, फिरयाद है, फिरयाद है.

એના મોંમાથી "ફિરયાદ " શબ્દ પૂરો નીકળી નહોતો રહ્યો એટલામાં તો અકબરે શાન કરી તે ઉપરથી ચાર હજુરીઆઓ એને ઉપર બોલાવવાને દોડ્યા. પણ એટલામાં એ ફકીરે તો પાદશાહની સામી નજર મળી કે સલામ કરી ચાલવા માંડ્યું અને ચાલતાં ચાલતાં નીચે પ્રમાણે પોકરાતો ગયો:-

यह दाद है, यह दाद है, यह दाद है. यह दाद है.

અકબર બાદશાહને આ ચાલ ઘણી નવાઇ જેવી લાગી. તેથી એને તેડી લાવવાને બીજા ચાર જણને દોડાવ્યા. તેઓ એને આદરસત્કાર અને કાંઈ બળાત્કારથી એક ક્ષણમાં ઉપર લઇ આવ્યા. એ જોગી રડતો કકળતો અને આક્રંદ કરતો હજુરમાં આવ્યો, અને પોકારીને વિનવવા લાગ્યો કે પાદશાહ, માફ કર, અને મને મારે માર્ગે જવા દે. હું ભૂલ્યો. હવે હું ફરીથી ફરિયાદ કરવા આવીશ નહિ. પાદશાહે કહ્યું કે એમ શા માટે ? મારામાં શું દીઠું કે તું ફરિયાદ કરવા આવેલો તે પાછો જતો રહે છે? એણે જવાબ વાળ્યો કે મહારાજ, શા વાસ્તે ચતુરાઇ કરોછો ? હું તમારી સઘળી ચતુરાઇ સમજી ગયો છું. તમે "फिरयाद है, फिरयाद है." એમ જે બોલાવોછો તેનો શું હું અર્થ

નથી સમજતો ? એનો અર્થ ખુલ્લોજ છે કે મૂર્ખા, તું ફરિયાદ કરવા તો મોટાની ઉપર નીકળ્યો છે પણ તારૂં પછીથી શું થશે તે તને યાદ છે? પાદશાહ આ સાંભળી હસ્યો અને વિચાર કરવા લાગ્યો કે આ માણસ કોઇ છેક ગમારજ છે કે બહુ ચતુર છે, પણ જોઉં બીજી સતરનો માઇનો શો કરછે. બાદશાહે કહ્યું એતો ઠીક, પણ ત્યારે, "यह दाद है, यह दाद है." એમ શા માટે તું પોકારતો ગયો. જો તારી સમજ પ્રમાણે હું ફરિયાદ સાંભળતો નથી તો તો તારે "नही दाद है, नही दाद है." એમ કહેવું જોઇતું હતું. મહારાજ, મેં વિચાર કર્યો કે પાદશાહ ફરિયાદી પાસે "फिरयाद है, फिरयाद है." એમ શા માટે બોલાવતો હશે. ફરિયાદ તો દુનીયામાં હજારો છેજ તો, પણ જો તે સાંભળી ન્યાય કરવાની એની ઇચ્છા હોય તો એણે ફરિયાદી પાસે કાંઇ પણ બોલાવવાને બદલે પોતેજ "यह दाद है, यह दाद है" એમ પોકારવું જોઇએ. આ સાંભળી પાદશાહ પ્રસન્ન થયો અને જાણ્યું કે આ કોઇ વિલક્ષણ પુરૂષ જણાયછે. એ ફકીર કે વેરાગીનું બોલવું ન હોય. તેથી પુછ્યું કે તમે જાતે કોણછો અને તમારા ઉપર શો જાુલમ ગુજર્યો કે આ પ્રમાણે ફકીરી લેવી પડી. જવાબમાં એણે નીચલો દૂહો કહ્યો:-

पाया हीरा लाखका, आया बेचन काज;
छिना लिया छक्कड लगा, झौरी दगाहिबाज.

પાદશાહે ગુસ્સે થઈ કહ્યું કે કોની તાકાદ છે કે મારા રાજમાં આ પ્રમાણે જાુલમ કરી શકે! તે ઝવેરીનું નામ દે. હમણાં હું તેને સજાએ પહોંચાડુંછું. એણે પગે લાગી કરગરીને કહ્યું કે મહારાજ, એ વાત જવાદો. નામ દીધાથી હું માર્યો જઇશ. તમે ગમે એટલું કહોછો પણ નામ સાંભળશો કે મને તુર્ત શૂળીએ ચઢાવશો. આખરે આગ્રહ કર્યો, કાંઈ પણ ન ગુસ્સે થવાની પ્રતિજ્ઞા લીધી અને તે છતાં જો તું નામ નહિ દે તો તને ગુન્હો છુપાવનાર જાણી તુર્તજ મારી નાંખીશ. જેવા જાુસ્સાથી પાદશાહે પૂછ્યું તેવા જાુસ્સાથી એણે પણ કહ્યું:

जो पूछो सच बाततो, साचेमें कहा शोर;
सुनिये शाहसुलतान तुम, आपहि मेरा चोर.

આવું સાંભળતાંજ સ્વાભાવિક રીતે અકબરની આંખમાં અગ્નિએ પ્રવેશ કર્યો, હાથ તરવાર તરફ ગયો, અને પાસે સો સો સિપાઇઓ નાગી તરવારે ઉભા હતા તે એકે અવાજે હોકારો કરી આગળ ધસ્યા, અને પાદશાહે "હું" "હું" કરીને વાર્યા નહિ હોત તો તેઓએ એના ચૂરેચૂરા કરી નાંખ્યા હોત. પણ અકબર ન્યાયી, વિચારવંત, અને વળી વચને બંધાએલો હતો તેથી તેણે ક્રોધ થયો તેવોજ શમાવી નાખ્યો. તોપણ મારા ઉપર આવો જાૂઠો આરોપ મૂકવાની એની હિંમત કેમ ચાલી તે એનાથી સમજાઈ નહિ. એનું બોલવું એવું હતું કે એ દિવાનો હોય એમ સંભવતું નહોતું અને દિવાના વિના આવી ગાંડાઈ કોણ કરે? માટે એને પોતાની જે હકીકત હોય તે કાંઇ પણ ડર રાખ્યા વિના કહેવાનું ગંભીરાઇથી ફરમાવ્યું.

અકબરશાહ અને બીરબલ. ભાગ ૩ જો.

"તું લાખ રૂપિઆનો હીરો ક્યાંથી લાવ્યો, મારે ત્યાં કયારે વેચવા આવ્યો હતો, અને તે કોણે છિનવી લીધો", તે બોલ. અકબરશાહનાં આવાં વચન સાંભળી બીરબલે વિચાર્યું કે હવે મારી સઘળી ચતુરાઈ વાપરવાનો સમય આવ્યો છે, કેમકે ચતુર વાંચનારે ક્યારનું જોયું તો હશે કે આ જોગી વેશે બીરબલ બાદશાહની હજુરમાં ભીડ્યો હતો. ખરી મુસલમાનોની શાનથી ઘૂંટણીએ પડી સફાઈ ભરેલી અદબ અને નમ્રતાની સાથે એ નીચે પ્રમાણે બોલવા લાગ્યો:-

ખલકના માબાપ, તારા જબરદસ્ત પાદશાહી મિજાજને જરાવાર સબુરીનું ધ્યાન કરી તારા ગુલામના ગુલામની હકીકત સાંભળ. આદમની ઓલાદનો એવો કોણછે કે તારી આગળ જરા જૂઠ્ઠં બોલવાની હિંમત ચલાવી શકે? મેં જે કહ્યું તેમાં એક હર્ફ ખોટો નથી. પણ તે સમજવામાં ભેદ છે. પૃથ્વીપતે, તારાથી અજાણ્યું નથી કે જગતમાં હીરા ઘણી જાતના થાય છે.

झौरीका हीरा हीरा, कविका हीरा कवंन;
तरुनी हीरां तन अरु, पद्मिनी मन पावंन.

એટલે ઝવેરીનો ધંધો કરાવનારને ઘણી કમાઇ કરાવનાર હીરોછે, તેમ કવિનો હીરો તે તેની કવિતાછે, તરૂણીનો હીરો તેનું તન, અને પદ્મિનીસ્ત્રીનો હિરો તેનું પવિત્ર મન એજ છે. એ જાુદી વસ્તુ વડે તે પ્રત્યેકની મોટાઇ ટકી રહેલીછે અને તે જવાથી તે છેક નિર્માલ્ય અને તુચ્છ થઇ જાય છે. કદાપિ કોઈ કહેશે કે એમ છે તોપણ હિરા સિવાય બીજી કોઈ ઉપલી વસ્તુની લાખો રૂપિઆ કિંમત કાંઈ ઉપજતી નથી, તો તેણે જાણવું કે એ તેની મોટી ભૂલછે. જે વસ્તુનો જે ગ્રાહક છે તેની આગળ તે વસ્તુજ પોસાયછે, અને બીજીની કોડી પણ ઉપજતી નથી. બધાજ રત્નના ગ્રાહક હોયછે એમ કાંઈ નથી.

गोरी ग्राहक रत्नकी, गुनग्राहक राजान;
कविता ग्राहक को रसिक, भूपति भोजसमान.

જરીઆનને જવાહિર ગમે તે લે પણ તેની ખરેખરી ગ્રાહક સ્ત્રીજ છે. પુરૂષ લે છે તોપણ તે સ્ત્રીઓને માટેજ. જો જગતમાં સ્ત્રીઓ ન હોય તો કાલે જરીઆન જવાહીરનો કોઈ પણ ભાવ પૂછે નહિ. તેમજ વિદ્યાકળા વગેરે જે કાંઈ ગુણછે તેના ગ્રાહક રાજાલોકછે, કેમકે તેના રાજના રક્ષણને અર્થે એ વિદ્યાકળાની જરૂરછે. હાલ અમારી હિંદુ વિદ્યાકળાઓ નાશ થઇ જવા આવીછે કેમકે અમારા હિંદુ રાજ્યો થોડાંજ રહ્યાંછે. આપ રાજનીતિના જાણવાવાળા છો તો તેનો ખંતથી સંગ્રહ કરોછોજ, અને તેનાં રૂડાં ફળ આપ જૂઓછો, તથા હવે પછી જોશો. ગુણીઓનો સંગ્રહ કરવો એમાં રાજનો સ્વાર્થછે. જે રાજા પોતાના જાતભાઈ જાણી તેના ગુણ સામું ન જોતાં તેનાજ હાથમાં સત્તા સ્વાધીન કરેછે તે વાંદરના હાથમાં સુકાન સોંપેછે. એ વાહાણ ડૂબવાનેજ સર્જ્યુંછે. અર્થાત્ સ્વાભાવિક રીતેજ "ગુણગ્રાહક રાજાન" છે. પણ કવિતા રૂપી જે

અમૂલ્ય હીરો અને ગુણનો ગુણ તેના તો ગ્રાહક ભોજરાજાના જેવા રસિક ભૂપતિઓજ કોઈ સમે નીકળી આવે છે. આપની ખ્યાતિ તેવીછે અને તેથીજ હું અહિયાં ધાઇને આવ્યો હતો. પણ મહારાજ, હું ધરાયો, અને આપ પણ મારા લવારાથી ધરાઈ ગયા હશો, કેમકે મારી હકીકત તો કહેવી હજી બાકીજ રહી ગઇછે; અને તે કહેતાં મારાથી મિજલસી રીતનું મીઠું બોલવું પણ થઈ શકે એમ ભાસતું નથી. માટે મારો ગુન્હો માફ કરો અને મને મારે માર્ગે જવાની રજા આપો તો મોટી મહેરબાની થાય.

ઉપલી વાણીથી બાદશાહને રસ લાગ્યો હતો અને તેથી તે એને હવે રજા આપે એમ હતું નહિ. આ બધું તૂત ઉભું કીધુંછે અને મારી હજુરમાં આવવાની કોઈ કવિ તજવીજ કરે છે એમ તો અકબરને ક્યારની સમજ પડી ગઈ હતી. પણ જોઈએ કેવી તજવીજથી એના બોલ એ સાચા પાડે છે એમ વિચારી ક્રોધનો ડોળ કરી એણે કહ્યું કે "જાય ક્યાં? કહ્યુંછે તે બુધુ પૂરવાર કરી આપ". તે ઉપરથી "જેવી જનાહપનાહની ઇચ્છા" એમ કહી બીરબલે પોતાનું બોલવું જારી રાખ્યું, કેમકે એ તુર્ત ચેતી ગયો કે રાજા એના અંત:કરણમાં રીઝયો છે.

સાહેબ, હું જાતે ગરીબ બ્રાહ્મણછું. મેં મારી નિર્ધનતા ટાળવાને સારૂ એક મને અગીઆર વરસ સુધી સરસ્વતીની રાત દહાડો સેવના કરી, અને બારમું વરસ બેઠું ત્યારે મને સ્વપ્નામાં તેનાં દર્શન થવાં લાગ્યાં. પણ તેથી હું ધરાયો નહિ અને બારે વર્ષ તપશ્ચર્યામાંજ ગાળ્યાં. ત્યારે તેણે પ્રસન્ન થઈ મને સાક્ષાત્ દર્શન દીધાં અને પોતાના સ્વહસ્તે લખેલું એક ભોજપત્ર આપી કહ્યું કે "આ લે અને સુખી થા. એમાંના દરેક દોહાની લાખ લાખ રૂપિયા કિંમત છે. પણ તું રાજદરબારમાં જવાનો હોય ત્યારેજ એ વાંચજે, અને એક દરબારમાં ગમે તે કરે તોપણ એક કરતાં વધારે દોહરો પ્રગટ કરતો નહિ." આ આજ્ઞા હું માથે ચડાવી હરખાતો હરખાતો રાજયાત્રાએ નીકળ્યો, કેમકે જેનો જ્યાં બજાર હોય ત્યાં તે ચીજ ખપે. ગામડામાં બેસી રહે હીરા મોતી ખપતાં નથી. કોઇ શાણા અનુભવી કવિએ પોતાના છોકરાને શીખામણ દીધીછે કે:

हीरा गिराकी गंठडी, गमारमे मत खोल;
झौरी बिन कौरी न मिले, कौस्तुभकामी मोल.

હીરા રૂપી ગિરા નામ શબ્દની ગાંઠડી ગામડીઆ લોકમાં તું કદી પણ ખોલતો નહિ, કૌસ્તુભ સરખો અમૂલ્ય મણિ હોય તો પણ ઝવેરી વિના તેની કિંમત એક કોડી પણ મળતી નથી. વળી કોઇએ એમ પણ કહ્યું છે કે:

हथ्थी हीरा काव्य है ? दे जाके दरबार;
मा कर मूल अमूलका, मूल न मिले बझार.

પૂછે છે કે તારા પાસે હાથી છે? તારી પાસે હીરા છે? કાવ્ય છે? જો એ ત્રણમાંની કોઈ પણ વસ્તુ હોય તો દરબારમાં જઇને આપી આવ. પેલો પૂછે છે કે કિંમત ઠેરવ્યા વિના આવી અમૂલ્ય વસ્તુઓ એમને એમ કેમ આપી અવાય? પેલો અનુભવી કવિ કહેછે કે ગાંડા, જો અમૂલ્ય છે તો તેનું મૂલ કરવાનો શા માટે વિચાર કરેછે? એમ કર્યાથી તેનું માન ઘટે છે. માટે એતો દરબારમાં જઇને અણબોલ્યો આપીજ આવ. એ

અમૂલ્ય વસ્તુઓ ત્યાંજ શોભે અને તેજ તેની કિંમત જાણે. એને તું બજારમાં દુકાન માંડીને હીંગની પેઠે વેચવા બેશીશ તો કાંઇ પણ કિંમત ઉપજનાર નથી એ વાત પણ યાદ રાખજે.

એ પ્રમાણે વિચાર કરી રાજસ્થાન તર્ફ જવા હું મારે ગામથી નીકળ્યો, પણ મેં વિચાર્યું કે હાલને સમે અકબરશાહ ચક્રવર્તી કહેવાય છે તેથી પ્રથમ ત્યાં જવુંજ લાઝિમ છે. એમ વિચારી હું દિલ્હી તર્ફ વળ્યો અને વાટમાં આપની તારીફ સાંભળી કે હું મારા મનમાં ત્યાંથીજ પોતાને લક્ષાધિપતિ થઇ ગએલો ગણવા લાગ્યો. પણ અહિંયાં આવ્યા પછી તો સમજવા લાગ્યો. દૂરથી ડુંગર રળીયામણા જેવું થયું. આપનો દરવાન દરબારમાં પેસવા દે નહિ અને આપને ભંડારમાંથી લાખ રૂપિયા કાઢવા પડે નહિ. યુક્તિ તો બહુ સારી. હુંજ મૂર્ખ કે રાજસ્થાન મૂકી આણી તર્ફ આવ્યો. આપ ભમે એવા ચતુર અને વિદ્યાના પોશિંદા હો તથાપિ અન્ય ધર્મી અને અન્ય ભાષાના બોલનાર તમારાથી તે બે લીટીના લાખ રૂપિઆ એક કાફર હિંદુને અપાય? એતો દાનવીર ક્ષત્રિઓનાં કામ! તે છતાં આટલેથીજ હું સમજીને પાછો ગયો હોત તો કાંઇ હરકત નહોતી. પણ મેં મૂર્ખાએ સરસ્વતીની આજ્ઞા ઉલ્લંઘન કરી વગર ગ્રાહકે તેમાંનો એક દૂહો દરવાનને આપ્યો, ને કહ્યું કે જા પાદશાહને આપી આવ. પણ અગાઉથી ચેતવી મૂકેલો આપનો દ્વારપાળ તે કેમ ચૂકે? તેણે ફાડીને તેના કડકા કરી નાખ્યા અને હું રડતો રહ્યો. તે દૂહો મેં બરાબર ગોખી રાખ્યો હોત તો પણ ઠીક.

અકબર બાદશાહ ક્રોધ કરીને બોલ્યા કે એવા ઠગારા તો મેં બહુ દીઠાછે. એવા ફેલથી હું ઠગાવાનો નથી. તારૂં એક કાગળનું ચીંથરૂં ફાડી નાખ્યું તેને માટે તું મારી પાસેથી લાખ રૂપિઆ કઢાવવાની તજવીજ લાવ્યો છે કે શું? એમાં જે દૂહો હતો તે જાણ્યા પછી યોગ્ય હોત તો લાખના બે લાખ આપત. બીરબલે ધીટપણે ઉત્તર વાળ્યો કે"જનાહપનાહ, એ સબબને લીધેજ હું મારા નશીબને રોઊંછું કની? જો તે દૂહો બધો યાદ હોયતો અહિંયાં નહિતો બીજે કોઇ ઠેકાણે પણ એના દામ ઉપજતજ. પણ આ તો મેં મારો લાખ રૂપિઆનો હીરો ગુમાવ્યો! છક્કડ મારીને છીનવી લીધો! ઝવેરી ખરેખરો દગાબાજ મળ્યો! હવે જોગ નહિં લઉં તો બીજું શું કરૂં? માટે મહારાજ રામ રામ, તસ્દી માફ કરજો." એમ કહી જવાની તૈયારી કરેછે અને એટલામાં જાણે કાંઇ સાંભરી આવ્યું હોય તેમ બોલી ઉઠ્યો કે તે છતાં મને તેનાં ત્રણ ચરણ તો યાદછે. ત્યારે તો, અકબર બાદશાહે કહ્યું, કે એનું ચોથું ચરણ મારા કવિમંડળમાંથી કોઈ પણ પૂર્ણ કરી આપશે અને પછી અમે જા, તારૂં મનરંજન કરીશું. બોલ, તે ત્રણ ચરણ તો કહે. હસીને બીરબલે કહ્યું કે સરસ્વતીના શ્લોકનું પાદપૂરણ કરવાને કોણ સમર્થ છે? તે છતાં જોઇએ માનો પૂત એવો કોઇ તમારા દરબારમાં વસે છે, કેમકે ચોથું ચરણ હું ભૂલી ગયોછું તે છતાં કોઇ કહેશે ત્યારે તો મને યાદ આવશે ખરૂં. માટે લ્યો, ભલે, તમારા કવિઓની ચતુરાઇ તો જોઉં. એનાં ત્રણ ચરણ આ પ્રમાણે છે.

अहोरात्र जागृत खडे, मम रक्षक महाशक्त;
यौ कह सुखे सुवे सदा, –

અકબરશાહ અને બીરબલ. ભાગ ૪ થો.

અકબર બાદશાહનો સ્વભાવ આતુર હતો અને તેથી તે જે કામ કરવું ધારે તે કરવામાં ક્ષણનો પણ વિલંબ કરતો નહિ. એણે તુર્ત જાસુસો દોડાવ્યા અને કહાવ્યું કે આજ બપોરે કોઇ પરદેશી કવિની સમસ્યા પૂરવાને મોટું દરબાર મળનાર છે. બપોર થયા નથી એટલામાં પોતે ખાનું ખાઈ તૈયાર થયો; અને કચેરીમાં આવી જાુએછે તો લોકોથી તે ખીચોખીચ ભરાઈ ગઈછે. મોટા મોટા મુલ્લાંઓ, મુનશીઓ, પંડિતો, કવિઓ, અમીરો, કારભારીઓ અને જેનાથી આવી શકાય તે સઘળા ત્યાં આવીને બેઠા હતા. આ જોઈ પાદશાહ પ્રસન્ન થયા અને બોલ્યા કે થોડા વખતમાં કચેરી સારી ભરાઈ ગઈ. એ સાંભળી મુલ્લાં ફૈઝીએ સાત સલામ મુગલાઈ અદબથી કરીને કહ્યું કે:

चलत चमक शमशेर शत, जल जा जड हो जात,
एसी जिस्की सैन इक, कहा बैनकी बात.

ચાર પાંચ જે આગેવાન ગણાતા હતા તેઓ માથું નમાવી બોલી ઉઠ્યા કે 'खुब कही ! जनाहपनाह, सचबात है' । અને બાકીના બધા એનો અર્થ સમજ્યા કે નહિ તે શપથપૂર્વક કહી શકાતું નથી, પણ તેઓએ પણ અમારો એજ મતછે એમ જણાવવા હસતું મોં રાખી ખૂબ છટાથી ખુન્નસ બજાવી. બીરબલ મનમાં ગભરાયો કે જ્યાં એક મુસલમાન જાુવાન આવું ઉત્તમ કાવ્ય કરેછે ત્યાં બીજા કવિઓ તે કેવા હશે, અને મારૂં તે અહિંયાં શું ચાલશે. તોપણ દરબારીઓમાં અવશ્યનો ગુણ જે ઘીટપણું તે એનામાં પુષ્કળ હતું, અને તેથી એનો અર્થ સમજાવીને પણ આગળ પડવાના હેતુથી તે અદબની સાથે બોલ્યો કે આફ્રિન! ખુબ મઝેની વાત કહી! જેની માત્ર એક નજરથી હજારો તરવારો ચમકીને ચાલવા લાગેછે, અને (જો કૃપાની હોય તો) લક્ષ્મી ત્યાંજ સ્થિર થઇને વાસો વસેછે, તે પાદશાહના મોમાંથી એક બોલ નીકળે અને તે પ્રમાણે તેના દરબારીઓ અમલ કરે એમાં શું આશ્ચર્ય!

ફૈઝીની કીર્ત્તિ સાંભળી જગન્નાથ પંડિતને હમેશાં ક્રોધ ચડતો અને તેથી આ પ્રસંગે પણ બોલી ઉઠ્યા કે રસ ક્યાંછે! પાદશાહે જાણ્યું કે રસ ક્યા શબ્દોમાં છે એમ પૂછે છે તેથી તે શબ્દો બતાવવાનું ફરમાવ્યું. હવે ફૈઝી એ ઉત્કૃષ્ટ કવિ તથા પંડિત હતો ખરો પણ કાવ્યનું શાસ્ત્ર સારી રીતે જાણતો નહોતો, અને તેમાં કાંઇ નવાઇ નથી, કેમકે સંસ્કૃત સિવાય કોઇ પણ ભાષામાં કાવ્યશાસ્ત્ર સંપૂર્ણ નથી. એ સંસ્કૃત સારૂં ભણ્યો હતો, પણ જગન્નાથ પંડિત આગળ ન્યાય કે કાવ્યમાં ટકાય નહિ, તેથી જાણ્યું કે હવે એ મને ચુંથશે અને તે કારણથી કાંઇક જવાબ દેવાની તૈયારી કરે છે એટલામાં એના મોં ઉપર ફિકાશ પથરાઇ ગઈ. આ જોઈ બીરબલ તુર્ત એની મદદે તૈયાર થયો કેમકે રાજાના માનીતાનો પક્ષ લેવો અને પોતાની હોશીઆરી બતાવવી એને તો એ રાજદરબારનું આન્હિકજ સમજતો હતો.

બીરબલે કહ્યું, રજા હોયતો એનો જવાબ હુજ દઉં. આ દુહામાં ચમત્કાર એછે કે આપના હુકમથી લોઢા જેવા જડ અને કઠણ પદાર્થ ચાલે છે, અને લક્ષ્મી જેવી ચંચળ

વસ્તુ સ્થિર થઇ જાયછે, એમ કહ્યું. એ ઉપરથી આપનો હુકમ સર્વમાન્ય સ્થાપન કર્યો અને તેની સાથે આપનાં પ્રતાપ તથા ઔદાર્યનું વર્ણન પણ થયું. આ વ્યંગ્યાર્થ चलत અને जड એ બે શબ્દ ઉપરથી સમજાયછે માટે એમાં વિશેષ રસ રહેલો છે એમ કહેવાય. બાકી એમાંનાં પદેપદ રસમય અને સાભિપ્રાય છે.

અકબરની સભામાં સૈયદ ઝનૂનુદ્દીન કરીને એક મોટા ઓલ્મા હતા. પણ નામ પ્રમાણે એનું ઝનૂન એની દાઢીના જેટલુંજ લાંબું હતું. જેમ હાલ આપણામાં કેટલાકને ફારસી આરબી શબ્દો સાથે વેર છે તેમ એમને સંસ્કૃત શબ્દો સાથે હતું. અકબરે દરબારી ભાષા ઉર્દુ કરી હતી તેને માટે તે બહુજ નારાજી હતો, અને પોતે તો ફારસીજ ને વખતે આરબી પણ બોલતો. અકબરને વખતે કડવા બોલ સંભળાવનારો આખી સભામાં એજ હતો પણ સારો વિદ્વાન જાણી તેનું એ માન રાખતો. તોપણ વખતે એની મશ્કરી થાય તો તે જોઇને સૌ રાજી થતા, અને તેનું વિશેષ કારણ એકે એ મુલ્લાં પોતાને સૈયદ કહેવડાવતો હતો તોપણ ઘણાને એવો વહેમ હતો કે એ લાહોરના એક ખાટકીનો છોકરો હતો. આ તમામ હકીકત બીરબલને માલમ હતી, કેમકે દરબારમાં ગયા પહેલાં તેના સઘળા અંદરખાનેના ગિલ્લાઓને તો રાજનીતિના અલેફ બે જાણી તેનો એણે ખાસ અભ્યાસજ કર્યો હતો, અને તેથી સૈયદ ઝનૂનુદ્દીને બોલવા માટે પોતાની ડહાપણ ભરેલી દાઢી ઉપર હાથ મૂક્યો કે બીરબલે હરખાઇને જાણ્યું કે હવે મારી બટકબોલી જીભને કાંઇક છૂટ લેવાનો વખત મળશે ખરો.

ઝનૂનુદ્દીને ચીડવાઇને કહ્યું કે 'ફૈઝી જેવો આરબી ભાષાનો કાબેલ મોલવી કાફરોની જુબાનમાં શાહેરી કરેછે એ જોવુંજ કેવું ગુનાહ ભરેલું કામછે? તેમાં વળી પેલી સેતાની સંસ્કૃતનું શું કામછે? जल ! जा ! એ બોલ લખવાની શી ફરજ હતી? એ બોલમાંજ ફૈઝીની સાહેરી ઉપર બદદુવા ખુદાએ મૂકી છે! આ મીજલસમાંના પણ કેટલા જણ એ બોલ સમજ્યા છે તેતો તપાસી જુઓ. આ સાંભળી ઘણા મીજલસીઓએ બેશક પોતાની નજર ફેરવી નાંખી અને બીધા કે રખેને આપણનેજ પૂછે. બીરબલે ટપ જવાબ આપ્યો કે લક્ષ્મી ચપળછે એ વાત जलजा એટલે પાણીથી ઉત્પન્ન થએલી એમ કહેવાથીજ બરાબર સમજાય છે. કેમકે સૈયદ સાહેબને આ કહેવત તો યાદ હશે કે "સોબતે અસર અને તુખમે તાસીર" આ સાંભળી બધા ખડખડ હસી પડ્યા, કેમકે બીરબલે સૈયદ સાહેબની સૈયદીનું જડમૂળ પકડીનેજ ટાણો માર્યો હતો. પાદશાહ તો ખૂબ પ્રસન્ન થયો પણ વિવેકથી હસવું થંભાવ્યું અને ચોપદાર તરફ શાન કરી એટલે તેણે ગર્જના કરી કે 'અદબ!"

આ ઉપરંગથી બધાનાં મુખ કમળ જેવાં પ્રફુલ્લિત થયાં, પણ જગન્નાથ પંડિત તો ઘુમરાએલાજ બેસી રહ્યા હતા, અને એની હમેશનીજ રતાશ પડતી આંખમાં તેજનો લખલખાટ એવો ગતિમાન થઈ રહ્યો હતો કે બધાએ જાણ્યું કે હમણાં કાંઈ નવીનજ કલ્પના જન્મ પામેછે. પાદશાહે હસીને પૂછ્યું કે શું વિચાર કરોછો? મુલ્લાં ફૈઝીની શાહેરીથી સૈયદ સાહેબ તો નારાજી છે, પણ પંડિતરાજ પ્રસન્ન થયા કે નહિ? જગન્નાથે જવાબ દીધો, અમે બ્રાહ્મણ લોક ઉચ્છિષ્ટ અન્નનો અંગીકારજ કરતા નથી. આ

સાંભળી બધા આશ્ચર્ય પામ્યા. મુલ્લાં ફૈઝીએ જે કવિતા શીઘ્ર અને પ્રસંગોપાત બનાવી તે ઉચ્છિષ્ટ શી રીતે થઇ? ત્યારે શૃંગારી જગન્નાથપંડિત સ્વાભિમાનના હાસ્યની સાથે બોલ્યા, પાદશાહ, આ દુહો મિયાં ફૈઝીએ કોઇ દિવસ પોતાની બીબી સારૂ બનાવ્યો જણાયછે, અને તેનું ઉચ્છિષ્ટ આણીને આજ આપને ભેટ કરેછે. બધાએ જાણ્યું કે જગન્નાથે એનો અર્થ કાંઈ ચતુરાઇથી બીજો લગાવ્યો છે અને તેથી પ્રસન્ન થઈ તે સાંભળવાને તલપવા લાગ્યા. એણે કહ્યું કે :-

એનો મૂળ અર્થ આ પ્રમાણેછે:- કહેછે કે આ સ્ત્રીની એક કટાક્ષ એવી છે કે તેમાંથી હજારો ચકચકતી તલવારો નિકળે છે અને ચાલી જાય છે, એટલે ચોતર્ફ ઉભેલા સઘળાની કતલ કરી નાંખેછે! એ કટાક્ષનું મનોહરત્વ જોતાંજ લક્ષ્મી જે રૂપનો ભંડાર છે તે પોતાને કદરૂપી સમજી જડ થઈનેજ ઉભી રહેછે. એવી જેની એક કટાક્ષ છે તે જો બોલે તો તો પછી તેની ખુબીજ શી! એ રીતે ફૈઝીમિયાંની શૃંગારવૃત્તિ ઉત્તરોત્તર ઉછળતી જાય છે.

આ અર્થ સાંભળી બધી સભા છક થઇ ગઈ અને સર્વે જગન્નાથની અપૂર્વ બુદ્ધિનાં વખાણ કરવા લાગ્યા, પણ રસના વિષયમાં ફૈઝી કાંઈ ગભરાય એવો નહોતો. એણે કહ્યું, પંડિતરાજ. તમે મારા કવિતનો ગૂઢ શૃંગારભાવ પ્રગટ કર્યો તેને માટે હું તમારો એહશાનમંદ થયોછું. તમને માલમ નહિ હોય, પણ અમે મુસલમાન લોકો ખુદાને માશુક રૂપેજ ભજીએ છઇયે. આ જવાબથી અકબર પાદશાહ ઘણો પ્રસન્ન થયો, કેમકે એમાંથી જગન્નાથના પૂર્વપક્ષનું ખંડન થયું અને તેની સાથે પોતાને ખુદાઈ ઉપમા મળી તોપણ વિવેકને સારૂ જગન્નાથની શીઘ્રકલ્પના બહુ વખાણી, અને બીરબલના સામું જોઇ કહ્યું કે જોઇએ કોઈ એનો ત્રીજો અર્થ કરી શકેછે. બીરબલ ગભરાયો, પણ અગ્નિથી જેમ અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ જગન્નાથની શીઘ્રતા જોઈ એનામાં જે અસાધારણ શીઘ્રશક્તિ હતી તે ઉશ્કેરાઇતો રહીજ હતી, અને પાદશાહની માગણી સાંભળતાં એકદમ કામે લાગી ગઇ. એક ક્ષણ આંખ મીચી કપાળપર હાથ મૂકી વિચાર કર્યો અને પછી બોલી ઉઠ્યો કે "પૃથ્વીના પાળનાર અને પંડિતોના કદરદાન પાદશાહે જગન્નાથ કવિની પ્રશંશા કરી તે યથાર્થજ છે. આ દુહામાં પણ એમની બુદ્ધિનું જ રૂપ વર્ણવ્યું છે. એ કેવીછે? "चलत चमक समशेरसत" સત નામ સાચું, સાચું નામ શાસ્ત્ર, એવા જે કઠિણ વિષયો તેમાં તરવારની માફક ચળકતી ચાલેછે-એટલે કોઇપણ વિષયનું કાઠિન્ય એને નડતું નથી. પણ શું એ માત્ર કઠિણજ છે? એમાં કોમળતા, રસિકતા નથી? તો કહેછે "जलजाजर होजात" એટલે સંધિ તોડતાં, जलज કહેતાં કમળ, अजर થઇ જાયછે, એટલે તેની કોમળતા કદી પણ જતી નથી. ऐसी जीस्की सैन इक એવી જે બુદ્ધિરૂપી સરસ્વતીની એક નજર છે તે સરસ્વતી "कहा बैनकी बात" બૈન એટલે વીણા લઇને જ્યારે સંગીતજ કરવા બેસે ત્યારે તો તેની કોમળતા કેટલી જાણવી?

શાબાશીના અવાજ ચારે તર્ફથી ઉઠ્યા. પાદશાહ રાજી રાજી થઇ ગયો અને જાણ્યું કે દરબારમાં ખરૂં રત્ન કોઈ આવ્યું છે. જગન્નાથપંડિતે પોતેજ કબુલ કર્યું કે મારા

કરતાં આ કલ્પના વધારે સારી છે. બધાએ જોયું કે બીરબલે જે અર્થ કર્યો તે જગન્નાથની શાસ્ત્રબુદ્ધિ અને કાવ્યશક્તિને બરાબર લાગુ પડેછે. એ દિવસથીજ અકબરની એના ઉપર પ્રીતિ થઈ અને સભામાં ફૈઝી ને જગન્નાથની હારનો બધા એને ગણવા લાગ્યા. તેજ વેળા એને ભારે શિરપાવ આપવામાં આવ્યો અને પોતાની પાસે જ્યારે મરજીમાં આવે ત્યારે આવવાની છૂટ આપી.

આ આડા પ્રસંગમાંજ ઘણો વખત થઈ ગયો તેથી પાદશાહ સભામાંથી ઉભા થયા અને કહ્યું કે આજ સાંજે સમશ્યાપૂર્તિનો વિચાર ચાલશે. એટલે રત્નજડિત છડીવાળાઓએ નેકી પોકારી, બધા ઉભા થઇ જમીનને હાથ લગાવી સલામો કરી, "ખમા" "ખમા" ના અવાજની સાથે પાદશાહ જનાનામાં પધાર્યા, અને સઘળા સભાસદો નવા કવિ બીરબલના ચાતુર્યની ઉલટભેર વાહવા બોલતા પોતાપોતાને ઘેર ગયા.

અકબરશાહ અને બીરબલ. ભાગ ૫ મો.

દરબારમાં ઉઠી બાદશાહ જનાનખાનામાં જોધપુરવાળી બેગમના મોહોલ તરફ વળ્યા. વરદી પહોંચતાજ રાણી ધાઈને સામી આવી; અને લળીલળી મીઠાં મીઠાં વચનોરૂપી મનોહર ફુલ વધાવતી પોતાના ઓરડામાં તેડી ગઈ. ઘણા સત્કારની સાથે મખમલ જડેલા મિનાકારી સોનાના તખ્ત ઉપર બેસાડ્યા. દિવાલની વચમાં ઠેઠ ઉપરથી વાયુ આવવાની કરામત કરી હતી તે માર્ગે ફરફર પવન આવી રહ્યો છે, દિવાનખાનાના મધ્યભાગે ફુવારો ફૂટી રહ્યો છે, તેમાંથી ગુલાબ જળનાં બૂંદો આખા ઓરડાને શીતળ તથા સુગંધીમાન કરે છે. સુખડના સ્તંભો ઉપર પાણી પડવાથી તે અજબ રીતે બહેક બહેક થઈ રહ્યા છે, મેના પોપટ વગેરે પાળેલા પક્ષીઓના કલ્લોલથી કલરવ થઈ રહ્યો છે. આઘેથી કોમળ સંગીતનો ધ્વનિ મંદમંદ આવે છે. અને મોરનું સુંદર એક જોડું પાદશાહ તખ્તની સામાંજ આવીને કળા કરી થનથન નાચી રહ્યું છે, વગેરે અનેક સુખ સામગ્રીઓ વડે પ્રેમપૂર્વક સત્કાર થવાથી બાદશાહને તે દિવસ ખરા ઉન્હાળાના હતા, તોપણ ચોમાસાના જેવા લાગ્યા. ચંદ્ર જેવા મુખવાળી દશ દશ દાસીઓ દરેક બાજુ ઉપર કુંડાળે વળી છેટેથી વાયુ ઢોળવા લાગી, અને રાણી હાથમાં રત્નજડિત એક નાનો વીંજણો લઈને તખ્તને ડાબે પગથીએ બેઠી. રાણીના એક ઈશારાની સાથે સોનાના થાળમાં સ્ફાટિકના ખૂમચાઓ પાદશાહની સામે આરસના મેજ ઉપર રજુ થયા. તેમાં દેશ દેશના ન્યામત મેવાઓ, ભાત ભાતની મીઠાઈ, અને બિલોરી કાચની સીસીઓમાં રંગ બેરંગી, ઘણાજ ખૂશબોદાર, અને બર્ફનાં જેવા ઠંડા શર્બતો ભર્યો હતાં. રાણી પોતાના કોમળ હાથવડે તેમાંથી લઇ લઇને આગળ ધરે, તથા લીલાપાનની નાની નાની ચલાણીઓમાં એક એક જાતનાં શર્બતો ભરી "મારા સમ જરા આતો ચાખો" એમ આઘરો કરી રાજાને મોહ પમાડતી જાય. આ સરભરાથી બાદશાહ ઘણોજ પ્રસન્ન થઈ બોલ્યો, હે પ્રિયે, જેવો આજે દરબારમાં વિદ્યાનંદ જામી રહ્યો હતો તેવોજ તારા મહેલમાં તેં વિલાસાનંદ જમાવી મૂકયોછે. એમ બોલી સભાની સઘળી હકીકત કહી, બીરબલની ચતુરાઇનાં બહુ વખાણ કર્યા, અને રાણીને કહ્યુ, તું

પણ કાવ્યકળાની વિનોદી છે. તેથી જો, તારાથી એ સમસ્યા પૂર્ણ થાય છે ? રાણીએ તે સમસ્યા સાંભળીને હસીને કહ્યું કે મહારાજની ઇચ્છાછે તો હું પણ મારી શક્તી પ્રમાણે પાદપૂરણ કરીશ, પણ એક બે ઘડી થઈ મેં આપણા બાળ શાહજાદાને સંભાળ્યો નથી તેથી ત્યાં જો આપ પણ પધારશો તો બાળલીલા જોઇને બેશક આનંદ થયા વિના રહેશે નહિ. એ માત્ર છ માસનું બાળકજ હતું અને તેના ઉપર પાદશાહની ઘણીજ પ્રીતિ હતી. તેથી તેઓ બંને ત્યાં ખૂશીથી ગયાં. જઇને જુએ તો તે પારણામાં લાંબા હાથ કરી ભર ઉંઘમાં પડ્યો છે, અને તેનું હસતું મ્હોં પુનેમના ચંદ્ર જેવું ખીલી રહ્યું છે. પુત્રપ્રેમથી બંનેએ તેના મ્હોં તરફ કેટલીકવાર જોયાંજ કર્યું. થોડીવારમાં વાદળું આવતું હોય તેમ તેની ભમર સંકોડાઇ, તેણે પાસું ફેરવ્યું, અને જરા ઉંકારો મ્હોં બહાર નીકળ્યોજ નથી એટલામાં તો રાણીએ ટપ પાદશાહની સોડમાંથી ખસી તેની આશ્વાસના કરી, પયપાન કરાવ્યું, અને તેનું મુખકમળ પાછું પ્રફુલ્લિત થયું. પાદશાહ પાએક કલાક ત્યાં ઉભા રહ્યા તેવામાં તેણે જોયું કે રાણીએ કરોડવાર તે બાળકની સંભાળ લીધી અને તે તો મારી સંભાળ લેનાર સદાકાળ હાજરજ છે એવા દૃઢ વિશ્વાસથી નિશ્ચિંતપણે ઉંઘ્યાંજ કરતો હતો તેથી તેણે રસમય કંઠે કહ્યું કે, ખરે જગતમાં માનો બાળક ઉપર પ્રેમ, અને બાળકનો મા ઉપર દૃઢ વિશ્વાસ એ બંને અપૂર્વ વસ્તુ છે. રાણીએ કહ્યું કે, મહારાજ, બીરબલની સમશ્યાપૂર્તિ હવે આપના આગળ સાક્ષાત્કાર થઇ ? એમ કહી નીચે પ્રમાણે તે દૂહો પૂરો કરીને બોલી :-

अहोरात्र जागृत खडे, ममरक्षक महाशक्त;
यौं कह सुखे सुवे सदा, बालक मातासक्त.

બેશક, બાળક જે માની પ્રીતિમાં આસક્તછે તે હંમેશાં એમજ જાણે છે કે રાતદહાડો મારી સંભાળમાં એ જાગૃતજ છે. વળી મારી મા મહાશક્તિમાન છે એમજ તે સમજેછે. એને જે દુઃખ થાય તે માથી ટળે એવું હોય કે નહિ, તોપણ બાળક તો એમજ જાણે છે કે મારી મા તે દૂર કરશે. એવા દૃઢ વિશ્વાસથી તે નિરાંતે સદા સુખમાં સુએ છે. એ તો આપે પ્રત્યક્ષ જોયું, અને તેથી મારી અબળા બુદ્ધિ પ્રમાણે તો એ સમશ્યા આ રીતે પૂરાઈ.

અકબર તો આ સમશ્યાપૂર્ત્તિ તથા તેનો સાક્ષાત્કાર કરાવવાની રાણીની ચતુરાઈ જોઇને ખુશજ થઇ ગયો. એ હર્ષથી બોલી ઉઠ્યો કે, ધન્ય છે રાણી. તારી રસિકતાને! તમે રજપૂતાણીઓ તમારી ચતુરાઇને માટે વખણાઓછો એમાં કાંઇ આશ્ચર્ય નથી. મને નિશ્ચયછે કે મારી સભામાંનો કોઇપણ પંડિત આવી રસભરી રીતે સમશ્યાપૂર્તિ કરવાનો નથી. મને લાગે છે કે સરસ્વતીનું ચરણ એજ હશે, અને કદાપિ નહિ હોય તો હું કહું છું કે સરસ્વતી કરતાં પણ રસવતી ચડે.

પાદશાહને આ સમશ્યાપૂર્તિ એવી મનમાનતી લાગી કે હવે સભાવાળાઓ એથી શું વધારે કહી શકશે તે જાણવાનીજ જિજ્ઞાસા એના મનમાં પળેપળ કુદકારા મારવા લાગી; અને તેથી તેણે સાંજનું દરબાર રોજ કરતાં વહેલુંજ ભર્યું. દરબારમાં આવતાંજ પોતે બીજી કાંઇ વાત ન કાઢતાં પેલી સમશ્યા આગળ કરી, અને કહ્યું કે જોઉં હવે એ કોણ પૂરી કરે છે. યાદ રાખજો કે એ સરસ્વતીકૃત છે અને તેથી તમે જો

આળસમાં રહેશો તો તમારી અને આ સભાની શોભા રહેનાર નથી.

હવે, અકબરની આ સભામાં જે જે લોકો આવતા હતા તે સઘળા થોડાઘણા તો વિદ્વાન હતાજ. એના દરબારમાં છાલકામાં છાલકા મીજલસીઆઓ પણ કાંઈ કવન કરવાની તો શક્તિ ધરાવતાજ હતા. અક્ષરશત્રુની તો અકબરના દરબાર તરફ ડોકીઉં કરવાની પણ હિંમત ચાલતી નહિ, તેથી આ સમશ્યા સાંભળી સૌ પોતપોતાના મનમાં વિચાર કરવા લાગ્યા અને સૌએ પોતપોતાની શક્તિ પ્રમાણે કોઈ રીતે ચોથું ચરણ તૈયાર તો કર્યું; પણ અકબરે એના ઉપર આટલો બધો ભાર મક્યો હતો તેથી સઘળા રખેને આપણું ખોટું પડે એમ જાણી બોલવાને અચકાતા હતા. પરંતુ એ સભામાં મિયાંલબ્બે કરીને એક બહુબોલો, પતરાજી, અને ખૂશામતીઓ અમીર બચ્ચો હતો તે તુર્ત બોલી ઉઠ્યો કે જનાહપનાહ, એમાં શો ભાર છે? આપનો પ્રતાપ એવો છે કે સરસ્વતીની તો શું પણ તેના બાપનીએ સમશ્યા મારા જેવો એક નાદાન અને કમઅકલ માણસ સાંભળતાની સાથે પૂરવાની તાગાદ ધરાવેછે. લ્યો, એનું ચોથું ચરણ હુંજ કહું:-

अकबरशाह, अब जक्त.

હમણાં બેશક આખું જકત નિરાંતે ઊંઘેછે, કેમકે આપ જેવા મહાશક્તિમાન અને જાગૃત પાદશાહ તેમને માથે હાલ બિરાજેછે. બોલ બીરબલ તારૂં ચોથું ચરણ આજ કે બીજું? મારૂં ચરણ નહિ લાગુ પડતું હોય તો તેનો સબબ બતાવો. શું એ પ્રમાણે અકબરશાહનો પ્રતાપ નથી?

અકબર પાદશાહને આ ખુશામતીઉં ચરણ બિલકુલ પસંદ પડ્યુંજ નહોતુ, કેમકે એના મનમાં તો જેપુરવાળી બેગમનો રસમય અર્થજ રમ્યા કરતો હતો. તોપણ મિયાંલબ્બેની તજવીજ જોઇને એના મનમાં હસવું આવ્યું. એ ખંધા મિજલસીએ એવો પેચ નાખ્યો હતો કે એનું કહેવું બધાએ માન્યજ કરવું પડે. પાદશાહનો એવો પ્રતાપ નથી એમ કોની તાકાદ હતી કે કહે? તેથી બાદશાહે સભાનો ગભરાટ જોઈ રમુજને સારૂ કહ્યું કે બોલ બીરબલ, આ તારૂં ચરણ હોય કે નહિ. તારી શારદા પણ મિયાંલબ્બેની પેઠે મારી તરફેણ કરવામાંજ હોંશિયાર હોય એમ જણાયછે. "निदुन चेशक, आपकी खुबीहि ऐसीहे" એમ પેલા ધીટ ખુશામતીઆએ ઉપલા મર્મવચનથી જરા પણ ખંચાયા વિના લાગલોજ ઉથલો વાળ્યો. બીરબલે જોયું કે મિયાંએ તો મોકાણ માંડી! પાદશાહના પ્રતાપની ના કેમ કહેવાય? અને તે વિના એ અર્થ કેમ રદ કરવો તે સૂઝે નહિ. તોપણ એણે ધીરજથી જવાબ દીધો કે, મહારાજ શારદાકૃત ચરણ તો એ ન હોય. એ અહિંયા લાગે છે કે નહિ તે જ્યાં આપ જેવા કદરદાન પાદશાહ અને જગન્નાથ જેવા પંડિત બીરાજ્યા છે ત્યાં મારે બોલવું એ મોટી બેઅદબી કહેવાય. એમ કહી જગન્નાથ તર્ફ નજર કરી જાણે એમ કહેતો હોય કે હવે તો મહારાજ તમે રંગ રાખો તો રહે. જગન્નાથ પંડિતને હમેશાં તો સભામાં ખંડનવાક્ય સિવાય બીજું બોલવાનીજ બાધા હતી, પણ આ વેળા બીરબલને રક્ષણે આવ્યા ખરા. એનું કારણ એ હતું કે એક તો બપોરે એણે સભામાં પોતાની પ્રશંસા કરી હતી તેથી ખૂશ થયા હતા, અને બીજું ત્યાંથી ઉઠ્યા પછી ચક્રવક્રને પ્રથમ પૂજવાનો વિધિ બરાબર

પાળનાર જે બીરબલ, તે જગન્નાથ પંડિત તથા મુલ્લાં ફૈઝીને ઘેર જઇને એવોતો નરમાશથી મસ્કો લગાડી આવ્યો હતો કે તેઓએ ખરા દિલથી એને સહાય થવાનું કબૂલ કર્યું હતું. વળી અભિમાની પુરૂષોને માથું નમાવીએ તો તેઓ પોતાનું માથું આપતાં પણ આચકો ખાય નહિ. તેથી બીરબલની આ દીનતા જોઈ ફક્કડ જગન્નાથે પોતાના કાન ફફડાવ્યા અને કહ્યું કે "પાદશાહ, બીરબલ ખરૂં કહે છે. આવું છેક અર્થરહિતજ જે બોલે તેના દોષ બતાવવા એમાંજ શરમ છે." આ સાંભળી બધા ચમક્યા. શું એ એમ કહેવાની તાકાદ ધરાવે છે તે પાદશાહનો એવો પ્રતાપ નથી? મિયાંલબ્બે તો છલકાઇને પૂછવા લાગ્યા કે ત્યારે મારો અર્થ શો ખોટો છે તે કહો. એણે જવાબ વાળ્યો, "મિયાં, પાદશાહની રજા હોય તો તૈયારછું." પાદશાહે કહ્યું, કહો રજા છે. જગન્નાથ પંડિત બોલ્યા, "પૃથ્વિપતે, મિયાંલબ્બે શું કહેવાના હતા, પણ ત્રણ ભુવનના લોકો જાણે છે કે આપના અપૂર્વ પ્રતાપને બળે આપની પ્રજા સુખી છે અને હમેશાં નિરાંતે ઉંઘે છે. પણ અફસોસ! એ અર્થ આ દુહાની સાથે લાગતોજ નથી. જો એને પ્રજાની ઉક્તિ ગણીએ, તો ममरक्षक ને બદલે हमरक्षक કહેવું જોઇએ. આનો ઉત્તર વાળવાનો વિચાર તો કર્યો પણ મિયાંલબ્બેના બોલ મ્હોંમાંજ પાછા ગેબ થઈ ગયા, કેમકે એણે ધાર્યું હતું કે એ પાદશાહનો પ્રતાપ ના પાડશે, પણ જગન્નાથે તો વ્યાકરણ દોષથીજ એનું ચરણ ઉડાવી દીધું, બીરબલે હસીને કહ્યુ, "मियांलब्बे, पंडितराजने तो आपका चरनसें मूलहि काटके उडा दिया." એણે જવાબ આપ્યો "बनचर, तेरे चार चरन तिझेहि मुबारक हो. आदमीको तौ तो दोहि बस हे." "सच बात मेरेप्यारे, लैकिन हे तिन चरनोंवाले तुं तौ नहि आदमी और हैबान किसीमे रहा ! इस्का करना कहा"?

આટલી જરા ટપાટપી થઇ રહ્યા પછી પાદશાહે માનસિંગનાં સામું જોઈ કહ્યું, રાજાસાહેબ આપ એ સમસ્યા શી રીતે પૂરોછો? રાજા માનસિંગે તો સલામ કરી નમ્રતાથી આટલુંજ કહ્યું.

बादशाह [१]बडबख्त.

આ સાંભળી કેટલાકે તો એમ ધાર્યું કે "હે મહા ભાગ્યવાન પાદશાહ" એમ કહી રાજા અકબરશાહ સાથે કાંઈ બોલવા જાયછે, પણ જ્યારે એટલું બોલી તે ચૂપ રહ્યા ત્યારે બધાએ જાણ્યું કે એ તો સમશ્યાનું ચોથું ચરણ થયું. એનો અર્થ બધાએ એ પ્રમાણે કર્યો:- મારા સુભટ સરદારો મહા બળવાન છે અને મારી રક્ષા કરવામાં રાત્રદિવસ જાગૃત ઉભા છે એમ જાણી નશીબવાળા રાજાઓ સદા નિરાંતે સુએછે. પણ આત્મબળ ઉપર આધાર રાખનારા શૂરા અકબરને આ અર્થ કેમ રૂચે? એણે કહ્યું, રાજા સાહેબ આપના જેવા સરદારોની તો એમાં ખૂબી છે, પણ પાદશાહોને માટે એ કાંઇ સારી રાજનીતિ કહેવાય નહિ. એમ કહી અબુલફઝલના સામું જોયું કે તુર્ત તે ચતુર કારભારી બોલ્યો, બંદેનવાજ, દાલડાલનો ફરક મોટામોટા મુનશી પણ ગણતા નથી

૧. મોટા નશીબવાળો, ભાગ્યશાળી. ૨. ખરાબ નશીબવાળો.

માટે આપે પણ નજ ગણવો જોઇએ. એમ કહી એણે રાજા માનસિંગના ચરણનો અર્થ આ નીચે પ્રમાણે ઉથલાવી નાખ્યો:

बादशाह बदबख्त.

અબુલફઝલના આ શબ્દ ચાતુર્યથી પાદશાહ વગેરે સઘળાનાં મન પ્રસન્ન થયાં, પણ રાજા માનસિંગને તો બહુજ માઠું લાગ્યું. એ રાજા કાંઇ હાલના જેવો અફીણી કે ગંડુ ન હતો. તે ખબરદાર, વિચારવંત, થોડાબોલો, અને જે બોલે તે પ્રતિપાદન કરી શકે એવો હતો. તેથી આ પ્રમાણે પોતાના બોલનું ખંડન થવાથી તેને ગુસ્સો લાગ્યો અને બોલી ઊઠ્યો કે મારી સમશ્યાપૂર્તિમાં ઉત્તમ રાજનીતિ રહેલી છે અને જો તે આ સભામાં કોઇથી નહિ સમજાતી હોય તો તે સમજાવવા તૈયાર છું. અકબરે જોયું કે માનસિંગને ખોટું લાગ્યું અને તેથી કહ્યું કે રાજાસાહેબને તસ્દી લેવી પડે એતો ઠીક નહિ. આ સભામાં કોઈ એમના વાક્યનો ગૂઢાર્થ સમજાવો. બધા એક બીજાનાં મોં તરફ જોવા લાગ્યા. પાદશાહે જગન્નાથ પંડિત ભણી નજર કરી એટલામાં બીરબલે હિંમતથી બોલવું શરૂ કર્યું. "સાહેબ, એ દુહાનો પ્રસંગ સમજ્યા વિના એની ખૂબી નહિ સમજાય. આપના જેવા એક પ્રતાપી પાદશાહ વિક્રમાજિત એક સમે નગરચર્ચા જોવા નિકળ્યા. અંધાર પિછોડો ઓઢી શયનગ્રહમાંથી નીકળે છે તેવાજ બારણા આગળના રખવાળોએ "કોણ એ" કરી ગર્જના કરી. તેમજ મહેલની આસપાસ સો સો સુભટો હાથમાં નાગી તરવારો લેઇને પહેરો ફરતા હતા તે પણ તેવાજ જાગૃત માલમ પડ્યા. તેથી પોતે અદશ્ય થઇને નગરચર્ચાએ ચાલ્યા. જ્યાં જુએ ત્યાં ચોકીદારો ખડા ને ખડા. બારે દરવાજે ફરી વળ્યા, પણ કોઈ રખવાળને ઉંઘતો કે બેઠેલો જોયો નહિ. તેથી તેમણે પ્રસન્ન થઈ બારમા દરવાજા આગળ પહોંચતાં પહોંચતાં આ પ્રમાણે કહ્યું.

अहो ! रात्र जागृत खडे, मम रक्षक महाशक्त !

શબ્દ સાંભળતાજ ત્યાંના ચોકીદારો તે શબ્દને અનુસારે તેના ઉપર વાઘની પેઠે કુદી પડ્યા, અને કાંડુ ઝાલી બંધન કરવાની તૈયારી કરવા લાગ્યા. હું પાદશાહછું એમ સૂચવવાને માટે ઉપલી લીટી પોતે ફરીથી બોલ્યા. ચોકીદાર સમજ્યા તો ખરા પણ સ્પષ્ટ બોલાવવાને સારૂ તેણે જવાબ આપ્યો કે:-

यौं कह सुखे सुवे सदा, बादशाह बडबख्त.

મતલબ અમારો પાદશાહ એમ સમજે છે તેથી તો તે નિરાંતે આ સમે સૂતો હશે અને તમે તો કાંઇ ચોરજ છો. અમારા પાદશાહને પોતાના સરદારોનો આટલો અણવિશ્વાસ ન હોય એ વ્યંજના કરી પોતાની જાગૃતિ બતાવી. વિક્રમ રાજા ખુશ થઇ ગયા અને તેને સભામાં બોલાવી સવારે ઘણો શિરપાવ આપ્યો. માટે, મહારાજ, બીરબલે કહ્યું કે, આ રીતે પ્રસંગ સમજતાં આ દુહામાં રાજનીતિનો કાંઇ દોષ આવતો નથી. એમાં સરદારોની ભક્તિ તથા પાદશાહની કદરદાનીજ વર્ણવી છે.

પાદશાહે કહ્યું. શાબાશ ! રાજાસાહેબ, તમારૂં બોલવું બહુ ગૂઢ છે. ઘણાને તો બીરબલ જેવાની સહાયતા વિના ભાગ્યેજ સમજાય. વારૂ હવે કોઇ બીજાને આ સમશ્યા પૂરવાનું મન છે? એ ઉપરથી વિષ્ણુસ્વામી કરીને એક ગોસાંઇ ત્યાં બેઠો હતો તેણે કહ્યું.

'હરિ'નું નામ સાંભળી પેલા ઝનૂનુદીન મુલ્લાં ચીડવાયા. કોઇ ભલા મુસલમાને કહ્યું કે, હરિ કહો કે રામ કહો પણ અર્થ તો અલ્લાજ થાયછે. વસ્તુ એકછે તો નામને માટે શું કામ લડવું જોઇએ? આ સાંભળતાંજ મુલ્લાંજી હાથથી ગયા. मुझ़ी-ई ! तूं क्या समजताहै ? दीनमें वस्तु है हि किधर ? नामकीही सब तकरार है. આ બોલવાથી ઝનૂનુદીનમાં ઝનૂન સિવાય ખરા દીનની કાંઈ સમજ નહોતી એ સાફ જણાઇ ગયું. અને તેથી શાણા લોકો કાંઇક કંટાળાની સાથે હસી એને તુચ્છ ગણવા લાગ્યા. પણ એના મનમાં તો એ મહા ડહાપણની વાત હતી અને દીનને નામે બાદશાહનું અપમાન કરવું તેને તો એ ગાઝીપણું સમજતો હતો. તેથી બોલ્યો, पादशाह, तुं मुसलमीन है कि काफिर ? अफसोस! अफसोस ! में अब मेरे जैफ - *चश्मोसें क्या देखता हौ, બીરબલે ધીમે રહીને જાણે જવાબ દેતો હોય તેમ કહ્યું કે "कुच नहि देखते हो अल्लाको , नहितो फिर दुसरा क्या देखोगे?" બીરબલનું આ ઠુંસકું સાંભળીને તથા મુલ્લાં ચશ્મા ચડાવેલી આંખે ડોળથી આસપાસ રોહોલું રોહોલું જોતા હતા તે જોઇને સભામાં ચોપદારથી તે બાદશાહ સુધી સર્વેને ખડખડ હસવું આવ્યું.

એવામાં રાજા તોડરમલ્લ સભામાં આવી પહોંચ્યા. એ હિંદુદિવાન બીજા સભાસદોના જેવોજ ચતુર અને વિદ્વાન હતો, પણ પોતાના મહેનત ભરેલા જમાબંદીના કામમાં એટલો બધો ગુંથાએલો રહેતો હતો કે એને આવી વિદ્યાવિનોદની મંડળીઓમાં આવવાનો ક્વચિત્જ આવકાશ મળતો હતો, તેથી બાદશાહે એને વિશેષ આવકાર દીધો, અને અત્યારસુધી જેટલી સમશ્યાપૂર્તિ થઈ હતી તે કહી સંભળાવીને પૂછ્યું કે રાજા, તમે શું કહો છો? તોડરમલ્લે પ્રથમ તો પોતાની દીનતા બતાવી આનાકાનીજ કર્યા કીધી, પણ એમ કરતાં જ્યારે વિચારનો પૂરતો વખત મળી રહ્યો ત્યારે નીચે પ્રમાણે ચોથું ચરણ ઉભું કર્યું:-

बालक, भूप, सुभक्त.

અકબરે હસીને કહ્યું કે, દિવાન સાહેબ વિના સર્વાળો કોણ બાંધી આપે? રાજા તોડરમલ્લ, તેં ખૂબ કરી! સઘળાની વાત તારામાં આવી ગઈ, અને કોઈની તકરાર રહી નહિ. જોઇએ, હવે બીરબલ શું કહેછે. બોલ, તારૂં શારદાકૃત ચરણ શું છે?

બીરબલે નમ્રતાથી ઘણી ઘણી કુર્નિસો બજાવી ઉત્તર આપ્યો કે જનાહપનાહ, જ્યાં આવા આવા વિદ્વાનો ભેળા થાય છે ત્યાં તેમના તેજથી શારદાદેવી અહોનિશ હાજરજ હોયછે અને તેથી ત્યાં જે નિર્ણય થાય તે કેમ ખોટો હોય? તથાપિ મારૂં ચરણ કાંઈક એથી જૂદું છે. પણ ઝાઝો ફેર નથી. રાજા તોડરમલ્લ સાહેબ "બાલક" કહેછે તેને ઠેકાણે મારા પાઠમાં 'બાલકું' છે. બાદશાહે પૂછ્યું, એ બે શબ્દોના અર્થમાં કાંઈ ભેદછે? તોડરમલ્લે જવાબ આપ્યો, નાજી, પણ 'બાલકું' એ જૂનું અને કાંઈક વધારે

* આંખો.

રસિક રૂપ છે તેથી મારા કરતાં એ સમશ્યાપૂર્તિ સારી છે એમ હું કબુલ કરૂંછું.

બીરબલે રાજા તોડરમલ્લને સલામ કરી કહ્યું, આપ લાયક આદમી છો એટલે વિવેક કરો એમાં કાંઈ નવાઈ નથી. પછી બાદશાહ તર્ફ નજર કરી બોલ્યો કે, પૃથ્વીપતિ, રાજાસાહેબની સમશ્યાપૂર્તિ યથાર્થ છે. મારા અને એમના શબ્દાર્થમાં કાંઈ ભેદ નથી. પણ મારો શારદાકૃત દુહોછે તેથી વિચારીને જોશો તો કાંઈ બીજી પણ ચમત્કૃતિ નીકળી આવશે. બાદશાહે ચોતર્ફ જોયું કે કોઈ બીજી ચમત્કૃતિ એમાંથી કાઢી આપે છે. મિયાં ફૈજીએ કહ્યું. હાજી, આ દુહાની ખૂબી એ છે કે રાજા માનસિંગ અને મુલ્લાં અબુલ ફઝલની સમશ્યાપૂર્તિમાં જે વિરૂદ્ધતાઓ આવી હતી તે બંનેનો સમાવેશ એમાં થઇ જાયછે. જો,

बाल, कुभूप, सुभक्त

એમ શબ્દ તોડીને વાંચીએ તો જૂદો અર્થ નીકળે અને નહિતો સાધારણ રાજા લોકોને પસંદ પડતોજ અર્થ દેખાય:

बालक, भूप, सुभक्त

બાદશાહ આ સાંભળી ઘણો પ્રસન્ન થયો અને સર્વેનાં વખાણ કરવા લાગ્યો. એણે કહ્યું કે મારી સભામાં આવાં રત્નો પરમેશ્વરે આપ્યાં છે તેથી હું તેનો ઉપકાર માનું છું. વારૂ પંડિતરાજ, તમે કાવ્યશાસ્ત્રીછો, તેથી નિર્ણય કરો કે સઘળાં ચરણોમાં સૌથી સારૂં કોને ગણવું. મારી નજરમાં તો એ સઘળાં સારા લાગે છે. જગન્નાથપંડિતે ધીમેથી ઉત્તર આપ્યો કે બધાંએ ચરણ રસિક છે ખરાં, તોપણ કવિકૃતતો બીરબલનુંજ કહેવાય.

ફૈઝીએ પૂર્વપક્ષ કર્યો કે રસછે તો કવિતા છે અને કવિતા કહી તોપછી તે કવિકૃતિ થઇજ ચૂકી. જગન્નાથે હસીને કહ્યું, મિયાં ફૈઝી, આજે તમે સંક્ષેપમાં વાદ ઠીક ગોઠવ્યો છે. वाक्यं रसात्मकं काव्यं. એ આધાર ઉપર તમે કુદતા હશો પણ રસ શબ્દનો અર્થ તમે સાધારણ લોકની પેઠે સમજોછો તેવો નથી, અથવા રસનો અર્થ તેમજ તમારે કરવો હોય તો હું કહુંછું કે કાવ્યમાં રસ કરતાં પણ કાંઇ બીજી વસ્તુની જરૂર છે.

આ સાંભળી બધા પંડિતરાજના સામું જોવા લાગ્યા. એમાં કોઇને કાંઇ સમજાયું નહિ, અને ખુલાસો માગવાની હિંમત ચાલે નહિ. ત્યારે પાદશાહ કહ્યું કે તમારૂં બોલવું ઘણું ગૂઢછે તેથી મને વિસ્તારથી સમજાવો. “ઠીક સાહેબ” એમ કહી જગન્નાથે આ પ્રમાણે ખુલાસો કર્યો. હર્ષશોકાદિ નાનાપ્રકારના મનોવિકારને સાધારણ રીતે રસ કહેછે. જો એવો રસ જે વાક્યમાં હોય તેને કવિતા કહીએ તો બહુ વિપરીત થશે. પ્રાણીમાત્રમાં મનોવિકારછે અને તેથી વિકારી સ્થિતિમાં તે જે બોલે તેને કવિતા કહેવી પડશે. કૂતરૂં ચીડવાઇને ભસવા લાગે તો તે વીરરસ કહેવાય. અને કોઇ પોતાના બાપની પછાડી પોકશ્રાદ્ધ કરતો હશે તે કરૂણરસની કવિતા કરેછે એમ કહેવું પડશે. પ્રિય મરણના શોકથી એ જે વિલાપ કરતો હશે તેમાં કરૂણરસ કદાપિ હશે ખરો પણ એ કરૂણરસની કવિતા કરે છે એમતો નહિજ કહેવાય. એમ હોય તો પ્રાણીમાત્ર સુખદુ:ખને સમે કવિછે અને કવિમાં કાંઇ વિશેષ રહેતું નથી. અર્થાત્ પોતાનાજ અનુભવની વાત કરનારો ગમે એવું રસમય બોલે તોપણ તે કવિછે એમ નહિ કહેવાય.

જો તેની વાણીમાં રસછે, તો તે રસિક માત્ર છે એટલુંજ સિદ્ધ થાય છે. *કવિ તો તેજ કે પોતાના અનુભવ બહારની કથા વર્ણન કરતાં પણ તદ્રુપ રસને દર્શાવી શકે.

આ સમસ્યાપૂર્તિ જે જે લોકોએ કરીછે તેનો નિત્યાનુભવ વિચારી જોશો તો આ મારૂં કહેવું વધારે સમજાશે. વળી બાળકની લીલા અવલોકવી અને તેથી પ્રીતિમાં મસ્ત રહેવું એ માતાનો ધર્મજ છે. તે પ્રમાણે રાણી સાહેબે વત્સરસ મૂકીને આ દુહો પૂરો કર્યો એમાં કાંઇ આશ્ચર્ય નથી. તેમજ રાજા માનસિંહ જેવા શૂરા સરદાર પાદશાહના સંરક્ષણ પછાડી મંડી રહ્યા છે તેને એમ લાગે કે અમે છઇએ ત્યાં બાદશાહને કાંઇપણ ફિકર રાખવાની જરૂર નથી એ સ્વાભાવિક અને નિત્યનુંજ કર્મ છે. અબુલફઝલ જેવા દિવાન જેનું કામ હમેશાં સારી મસલત આપવાનું છે તેને એમજ લાગે કે ગમે એવા સરદાર હોય પણ તેવા ઉપર ભરોસો રાખી બેસી રહેતો તે "बादशाह बदबख्त" જ જાણવો. વિશ્નુસ્વામી ભક્ત છે એટલે એમને પરમેશ્વર ઉપર અચળ આસ્થા રાખવાનુંજ સૂઝ્યું. એ પ્રમાણે એ સર્વે જણે તો પોતપોતાના નિત્ય વ્યવહારનીજ વાત કહી-એમાં કાંઇ કવિતા કરી એમ કહેવાય નહિ. તોડરમલ્લ રાજા બડા હિસાબી છે એટલે આ બધાની વાત સાંભળી માત્ર તેનો સર્વાળોજ કરી આપ્યો. પણ બીરબલ જેને એમાંનો એકે અનુભવ નહિ તેણે એ બધાને અનુભવ રસમય વાણીછટાથી દર્શાવ્યો, માટે એજ કવિ. એનીજ વાણી શારદાપ્રેરિત એવો મારો તો અભિપ્રાય છે.

બાદશાહે રાજી થઇ બીરબલને "કવિરાય" નું પદ આપ્યું, અને તે દિવસથી એને એજ નામે બોલાવવા લાગ્યો.

અકબરશાહ અને બીરબલ. ભાગ-૬ ઠ્ઠો

એક સમે બાદશાહની પાસે બપોરની વેળા ખાસમંડળ બેઠું હતું. તાપ બહુ હતો, કેમકે અશાડ માહનો અધવાર્યો હતો તોએ વર્ષાદ આવ્યો નહોતો. એ તાપને લીધે બધાનું મન કોઇ વાતમાં બરાબર લાગે નહિ. તેથી બાદશાહે કહ્યું કે, આજતો કોઇ આ બપોરના તાપ વિષેજ કાંઇ કવિતા કરો.

એવામાં કોઇ દૂરના મુલકનો ગામડીઓ ત્યાં આવી પહોંચ્યો. તે પોતાના મુલકના રાજા સામે ફરિયાદ કરવા દિલ્હી સુધી આવ્યો હતો. તેણે જાહેર કર્યું કે "સાહેબ, અમારૂં ગામ મૂળથી એને તાબે નથી અને બાપીકાં તો એના બીજાં પણ અમારાં મુલકમાં થોડાંજ છે. અમે એના ઇનસાફની કીર્તિ ઘણી સાંભળી કોઇક ચોઘડીએ કબૂલ થયા કે તમને અમારા રાજા પ્રમાણે ગણીશું. બીજા ગામવાળા પણ એમજ સમજી ધીમે ધીમે એને શરણ થયા. બાકી, અસલ અમારાં સ્વતંત્ર મહેવાસી ગામડાં હતાં, પણ અમે વિચાર્યું કે નકામા એક બીજા સાથે લડી મરીએ છઇએ તે એક ધણી કરીએ તો ન થાય. પ્રથમ તો અમારા ધારવા પ્રમાણેજ અમને સુખ મળ્યું, અને અમે ઠાકરડાંએ પોતાનો અધિકાર છોડી દીધો તેને માટે પસ્તાવાનુંકાંઇ પણ બન્યું નહિ. પણ હવે તો તે અમને તથા બધી રૈયતને તોબા પોકરાવેછે, ને એ રીતે કહેછે કે

---

* ઇંગ્રેજીમાં Subjective and Objective Poetry કહેવાય છે તેવો કાંઈ ભેદ પાડી Objective ને ઉત્તમ ગણવી એવો જગન્નાથ પંડિતનો આ ઠેકાણે આશય જણાય છે.

તમે મારી સમશેરના ગુલામ છો". એતો પોતાની હકીકત બહુ લંબાવવા જતો હતો પણ અકબરશાહે કહ્યું કે સમજ્યો. કાલ સવારે એક સરદાર લશ્કર લઇને તારી જોડે આવશે, એમ કહી તેને વિદાય કરી બોલ્યો કે આ રાજા રાજનીતિમાં કુશળ પણ કાચો જણાય છે. રાજ મેળવવામાં અને જાળવવામાં બંનેમાં પ્રીતિ અને ઇનસાફની જરૂર છે. જુલમથી ક્યારે પણ સારૂં ફળ મળતું નથી.

વારૂ, હવે કવિતાતરંગ ચલાવો.

ત્યારે રાજા તોડરમલ્લ બોલ્યા કે આ ગામડીઆ પટેલની હકીકત પણ એ કવિતામાં આવે તો ઠીક. કોઇ જુવાન અમીરે કહ્યું કે મોહોબતવિના તે શાહેરી શી? આ સાંભળી બાદશાહે કહ્યું કે, આ તો ત્રણ અર્થની કવિતા કરવી પડે એવું કામ થઇ પડ્યું છે.

તે ઉપરથી જરાક વિચાર કરી બીરબલે નીચે પ્રમાણે એકજ દોહરો કહ્યો. અને પછી ઘણી નમ્રતાની સાથે કહ્યું કે ભૂલચૂક હશે તો પંડિતરાજ સુધારશે.

कैसा कोमल प्रथमथा ? अब क्यों ऐसा क्रूर ?
में पूजके मस्तक धरा, यही गुना हैं सूर!

જગન્નાથે કહ્યું, સાબાશ છે, બીરબલ, શાબાસ. જે સ્થળે કિલષ્ટતા એ દોષ ગણાય નહિ ત્યાં પણ તેં પ્રાસાદિકજ કવિતા કરી. બાદશાહે કહ્યું, રાજા ને સ્ત્રી વિષેના અર્થ તો બરોબર સમજાયા, પણ બપોર વિષે કાંઇ ગુંચવણ રહેછે તે સમજાવો તો ઠીક. તે કરતાં ત્રણે અર્થજ કરો કે કોઇને કાંઇ ભ્રાંતિ રહી જાય નહિ.

તે ઉપરથી પંડિતરાજ બોલ્યા કે પ્રથમ કોમળ અને પછીથી ક્રૂર થએલા રાજા વિષે તો અર્થ સ્પષ્ટ છે, કેમકે તેની હકીકત પેલા ગામડીઆએ સઘળી બધાના દેખતાં જાહેર કરી છે. હવે હું એ બીજા બે અર્થના પ્રસંગ કહુંછું તે સાંભળો. એ ગામડીઆના જેવોજ કોઇ બ્રાહ્મણ સવારે ખેતરમાં જતો હશે. વાટે નદી આગળ સૂર્યોદય થયો તેથી ત્યાંજ સંધ્યાવંદન કરી લીધું. પછી ખેતરે જઇ કામે મંડ્યો. એમ કરતાં બપોર થવા આવ્યા. ઉન્હાળાના આજના જેવાજ દહાડા, જમીન ખરી ખાંગડ થઈ ગએલી, ખેતરમાં લીલું તરણું પણ મળે નહિ, જ્યાં જોય ત્યાં આંખે ઝાંઝવાં વળે, અને માથા ઊપર ખરા બપોરનો સૂરજ તપી રહેલો. તેથી તે છેક કંટાળી ગયો અને સૂર્યને કહેવા લાગ્યો કે "તમે સવારમાં કેવા કોમળ હતા અને હમણા આટલા બધા કરડા કેમ થઇ ગયા છો? મ્હેં તમારો કાંઇપણ અપરાધ કર્યો નથી. મારા નિત્યમાં હું કાંઈ ચૂક્યો નથી. પણ ભૂલ્યો! એજ મારો અપરાધ કે મ્હેં તમારૂં પૂજન કરી માગી લીધું કે તમે મારે માથે સદા બિરાજમાન રહેજો. તેથીજ તમે મારે માથે ચઢી બેઠા છો અને તેથી આ દુઃખ હું પામું છું" એ પ્રમાણે પેલો ભોળો પણ તપી ગએલો ગામડીઓ બોલે એમાં કાંઇ આશ્ચર્ય નથી.

સ્ત્રીપક્ષે એનો અર્થ ખંડિતા નાયિકા ઉપર લાગુ પડે છે. ત્યાં "મ્હેં પૂજન કરીને માથા ઉપર ધારણ કર્યો" એનો લાક્ષણિક અર્થ એવો સમજવો કે અપૂર્વ પ્રેમ રાખ્યો અને માથાના મુગટ ગણ્યા. બાકીનું બધું તો સરળ છે. તે પોતાના પ્રીતમનો પૂર્વાનુરાગ

સંભારી તેને પાછો ઠેકાણે આણવાની તજવીજ કરેછે તેથી તે વાણીવિદગ્ધાધીરા છે એમ પણ ઓળખાઇ આવે છે.

કોઇએ પૂછ્યું કે એમાં તો સૂર શબ્દ એ સામાન્યજ સંબોધન મૂક્યું છે તેથી એ અર્થ બધાને કેમ લાગુ પડે. જગન્નાથે કહ્યું કે ઉપર અર્થનો શ્લેષાલંકાર હતો તેમ અહિંયા શબ્દનો છે. સૂર શબ્દના ત્રણ અર્થ ભાષામાં થાયછે:-દેવ, સૂર્ય અને શૂરો. સૂર્યપક્ષે સૂર્ય અર્થજ લેવો. નાયિકા પક્ષે દેવ એ અર્થ લેવો. રાજાને બાહાદુર વક્રોક્તિમાં કહ્યો.—મતલબ તો એ કે તું ક્ષત્રીધર્મ પ્રમાણે વર્તતો નથી.

મુલ્લાં ઝનૂનુદ્દીન બેઠા બેઠા ક્યારનું કાંઇ છીંડુ શોધ્યા કરતા હતા પણ કાંઇ જડ્યું નહિ ત્યારે ઉપલેકજ દોષ કાઢ્યો કે એમાં તો હરમની મોહોબતનું બ્યાન કર્યું છે, અને કહ્યું કે મોરદાર બાનુનીજ મોહોબતનું બ્યાન કરવું ખરા મુસલમાનને સજાવર છે. આ સાંભળી બધાને નવાઇ લાગી અને તેનું વિશેષ કારણ તો એ કે એ મુલ્લાં સાહેબને પોતાની મોરદાર બાનુ સાથે બનતુંજ નહોતું. રોજ લડાલડી અને મારામારી ચાલતી.

બીરબલે કહ્યું, મુલ્લાં સાહેબ, એમાં મોરદાર બાનુનીજ મોહોબતનું બ્યાન છે. કોઇ આપ જેવા કાબેલ મોલવી શાદી કરવા નીકળેલા ત્યારે બીબીને બહુ મીઠા મીઠા બોલીને રીઝવેલી. તમે કહેશો કે મશ્કરી કરે છે, પણ મુસલમાન વિના આ હકીકત કોઇને લાગુજ પડે નહિ કેમકે અમારામાંતો નાનપણથી માબાપજ ઢીંગલાઢીંગલીને પરણાવી દેછે. પછી તે બીબીને તો મુલ્લાં સાહેબ દુ:ખ દેવા લાગ્યા ત્યારે તે બિચારીએ તેને નામે આ પ્રમાણે છેડો વાળ્યો. "માથા ઉપર ધારણ કરવું" એ બોલ વિવાહિત સ્ત્રીનેજ શોભે, પરકીયા તો હૃદયમાં ધારણ કરે. વળી તેનામાં એટલી દીન ભક્તિ હોય નહિ.

આ સાંભળી સઘળા રાજી થયા. અકબરે કહ્યું, ત્હેં તો માંહેથી ચોથી આડકથા પણ કાઢી. બધા ઝનૂનુદ્દીનની સામું જોઈ રૂમાલમાં હસવા લાગ્યા. પછી બાદશાહે જગન્નાથ પંડિતને પૂછ્યું કે તમારો સ્વકીયા પરકીયા વિષે શો વિચાર છે.

જગન્નાથે કહ્યું કે સ્વકીયાપ્રીતિ એ સંસ્કૃત એટલે સંસ્કાર યુક્ત છે, અને પરકીયાપ્રીતિ તો પ્રાકૃત એટલે માત્ર પ્રકૃતિનેજ અનુસરતી છે. બાદશાહે પૂછ્યું એતો ખરૂં, પણ એ બંનેના સુખમાં શો ફેર છે. "સંસ્કૃત પ્રાકૃત ક્રિયાઓના પરિણામમાં ફેર છે તેટલોજ." એમ કહી જગન્નાથ નીચેનો દોહરો ભણ્યા:

संस्कृतस्वकीयास्नेहसुख, अचल शौचकर शांत;
प्राकृतपरकीयप्रीतिपुनी, अचर सोचकर सात.

આ દુહાના શબ્દ તો કાંઇ કઠિણ નહોતા, પણ તેના અર્થમાં ઘણો વ્યંગ હોવાને લીધે બધાથી તેનો ભાવાર્થ સમજાયો નહિ. માટે બીરબલે તે સ્ફુટ કરીને સમજાવ્યો. પંડિતરાજ કહેછે કે સ્વકીયાના સ્નેહનું સુખ સંસ્કૃત હોવાથી તે કેવું છે, તો કે અચળ શૌચકર કહેતાં પવિત્ર કરનારૂં, અને શાંત એટલે ઉદ્વેગ કે ચિંતા વિનાનું; પરકિયાની પ્રીતિ પણ એવીજ છે, પરંતુ પ્રકૃત હોવાથી તેના ગુણ પણ પ્રાકૃત થઈ જાયછે, એટલે અચળને ઠેકાણે અચર કહેતાં આચરવા યોગ્ય નહિ, સોચકર એટલે દુ:ખ ઉત્પન્ન

કરનાર અને સાંત કહેતાં અંતવાન એટલે જેનો જલદીથી છેડો આવી જાય એવી છે.

આ સાંભળી બધી સભા છક થઈ ગઇ. સર્વે એના ચાતુર્યનાં એકે અવાજે વખાણ કરવા લાગ્યા. મુલ્લાં ઝનૂનુદીન પણ બોલ્યા કે એ કાફર મુલ્લાંની કાબેલીઆતમાં કાંઇ ખામી નથી. જો એક કલમો પઢે તો હું એને પગે લાગવા તૈયારછું. અકબરશાહતો ઘણોજ પ્રસન્ન થઈ ગયો હતો. એણે કહ્યું એ બંનેને પ્રીતિ ને દેખાવમાં સરખીજ વર્ણવી. પણ પરિણામમાં જમીનને આસમાન જેટલોજ ફરક પાડી બતાવ્યો એ મોટી ખૂબી છે. હું ધારતો હતો કે રખેને ફક્કડ કવીશ્વર પરકીય પ્રીતિનો પક્ષ કરે. જગન્નાથે હસીને કહ્યું કે, સંસ્કૃત ને પ્રાકૃત ક્રિયાઓમાંજ જે સ્વાભાવિક ભેદ રહેલોછે તે કોનાથી રદ થઈ શકે. બીરબલે કહ્યું, મહારાજ, એ પંડિતરાજે તો પરકીયાની પ્રીતિને સુખ શબ્દજ લગાડ્યો નથી, અને પ્રીતિ કહી ત્યાં પણ અચર, સોચકર, ને સાંત એવાં વિશેષણો યુક્તજ કહી છે. ખરે એ કવિરત્ન જેવા રસમાં તેવાજ ધર્મશાસ્ત્રમાં પણ નિપુણ છે.

એ વેળા સભામાં એક જ્યોતિષી બેઠો હતો. તે કવિતા પણ કરી જાણતો હતો તેથી તેણે કહ્યું કે રજા હોયતો એ વિષય ઉપરજ મ્હેં કાંઈક બનાવ્યું છે તે કહી સંભળાવું. બાદશાહે કહ્યું, ઠીક, બોલો બીરબલ કહે, જોશીબાવા, કવિતા કરવા જતાં તમારા ગ્રહને ભૂલશો નહિ હો. જોશીએ જવાબ આપ્યો કે હું ગ્રહને ભૂલું, પણ તે ક્યાં કોઇનેએ ભૂલે એવા છે. એમ ઝડાકો કરી તે નીચે પ્રમાણે બોલ્યોઃ-

स्वकीयासुखशशिपूर्नसम,शूक्रसीपरकीयप्रीत,
झलक पलकसी तनुतनक, कुस ध्यकाल अनित्य.

બાદશાહે કહ્યું, ચોથું ચરણ ગ્રહપક્ષે બરાબર સમજાતું નથી માટે તે સમજાવો. એમાં જ્યોતિષ્શાસ્ત્રની કાંઇ ગૂઢ વાત છે. જોશીએ કહ્યું, મહારાજ, આ કવિરાજે મને ફરમાશ કરી હતી કે તમારા ગ્રહને ભૂલશો નહિ તેથી તેમ કરવું પડ્યું છે. વળી એમ પણ ખરૂં કે ગ્રહ નડે ત્યારેજ અમને કોઇ પૂછવા આવે. માટે હું બધોજ અર્થ સમજાવુંછું, અને લંબાણ થાય તો ક્ષમા કરજો. એમ કહી તે બોલ્યો કે સ્વકીયાનું સુખ પૂનેમના ચંદ્રમા જેવું નિર્મળ, આનંદકારી, ને અખંડ છે. પરકીયાની પ્રીત શુક્રના જેવી છે. તે પ્રીતનો ઝળકારો આંખની પલકના જેવો છે એટલે પળમાં ઝળકે ને પળમાં બંધ પડી જાય. ગ્રહોનું દર્શન પણ શાસ્ત્રમાં એ પ્રમાણેજ કહ્યું છે. તનુ કહેતાં વિસ્તાર થોડો છે-કેમકે પરતંત્રતાને લીધે યથેચ્છ હાવભાવથી વિસ્તારી શકાતી નથી. શુક્રના તારાનો વિસ્તાર ચંદ્રના કરતાં બહુજ નાનો દેખાય છે એતો પ્રત્યક્ષ છે. વળી તે સાધ્યકાળછે એટલે અમુક વખતેજ સાધી શકાય અને વળી તે કાળ પણ સારો નથી. શુક્રના તારાનું એવું છે કે થોડા માસ તે સાંજે અને થોડા માસ પાછલી રાતે દેખાય છે. બીજાની પેઠે જ્યારે જોવાં જઇએ ત્યારે રાત્રે આકાશમાં દેખાય નહિ. માટે એને કુસાધ્ય કાલ કહ્યો. વળી એ અનિત્ય છે, કેમકે કેટલાક દિવસતો એનો અસ્તજ રહેછે.

જોશીએ આવી કવિતા કરી તે જોઇ ઘણાને નવાઇ લાગી. ત્યારે એણે ખુલાસો કર્યો કે મારા બાપે મને વ્યાકરણ કાવ્ય વગેરે શીખવ્યા પછીજ જ્યોતિષ્માં નાખ્યો

હતો, કેમકે તેઓ સમજતા હતા કે સંસ્કૃત ભાષાના સામાન્ય જ્ઞાન વિના શાસ્ત્રના ગ્રંથ જોઇએ તેવા ભણી શકાયજ નહિ. બાદશાહે પૂછ્યું કે વ્યાકરણ કાવ્યનું આવું જ્ઞાન છતાં તમે જોશીજ કેમ થયા. એણે જવાબ દીધો કે સાહેબ, હાલ શાસ્ત્રી પુરાણીને ભણી ભણીને આખરે ભીખ માગવી પડે છે; અને ધંધો તો એવો છે કે સઘળા મારે ઘેર ધક્કા ખાતા આવે છે. બીરબલે કહ્યું જોશીબાવાનું કહેવું પ્રમાણ છે-એમને વાસ્તે તો આકાશવાસી આંધળા લૂલાની ટોળી એવી જબરી છે કે તેઓ શૂમને પણ ચીરીને એમનું ઘર ભરે છે.

બાદશાહે હસીને કહ્યું એ બધી વાત ખરી, પણ વિદ્યા કરતાં ધનને શ્રેષ્ઠ ગણવું એ બુદ્ધિમાનનું લક્ષણ ન કહેવાય. બીરબલ બોલ્યો, સાહેબ, જ્યોતિષ્ શાસ્ત્રનો મુદ્દોજ એછે-કેમ જોશીબાવા ખોટું કહુંછું? એમ કહી નીચેનો દુહો બોલ્યો:-

लिख पहीलो तन धन दुजो, विद्या पंचम स्थान;
यों उपदेशही देत जो, जगति गतिके जान.

આ મર્મના બોલ જોશીને લાગ્યા તો ખરા, પણ કાંઇ પ્રત્યુત્તર વળાય એમ હતું નહિ, કેમકે જ્યોતિષ્યમાં પહેલું સ્થાન તનનું, બીજું ધનનું, અને વિદ્યાનુંતો છેક પાંચમુંજ ગણ્યુંછે. બીજા સભાસદો તો ખૂશ ખૂશ થઇ ગયા, કેમકે આ એક દોહરામાં વ્યવહાર ને જ્યોતિષ્ એ બંનેના અર્થ આવ્યા હતા. કોઇએ પૂછ્યું કે વ્યવહારપક્ષે તો "जगति गतिके जान" એ વાક્યનો અર્થ "જગતની રીતિ જાણનારા" એમ ઠીક બંધ બેસે છે, પણ જોષીને કેમ લાગુ પડે તે મારાથી સમજાતું નથી. જગન્નાથ પંડિતે કહ્યું એજ આ કવિતાનો શ્લેષાત્મક ચમત્કાર છે. આખા જગતની એટલે બ્રહ્માંડની ગતિ જાણનાર એ વિશેષણ જોષીનેજ બરાબર લાગુ પડે છે.

અકબર બાદશાહ સઘળી વિદ્યાનો જીજ્ઞાસુ હતો તેથી તેણે પછ્યું કે મહારાજ, પાંચમું ઘર વિદ્યાનું ત્યારે પછીનાં ઘર કેવાં હશે તે કહો. તેણે જવાબ આપ્યો કે "છઠ્ઠું શત્રુ રોગ વગેરેનું, સાતમું સ્ત્રીનું, આઠમું મૃત્યુનું". આગળ બોલવા જતા હતા પણ એટલામાં બીરબલ બોલી ઉઠ્યો કે-

अरि नारी अरु मृत्युके, घर है हारोहार;
जोतसी इसमें क्या कहा ? जानत सब संसार.

એટલે, શત્રુ, સ્ત્રી અને મૃત્યુ, એ ત્રણનાં ઘર પાસે પાસે છે એમાં ત્હેં જોશી, શું કહ્યું? એ તો આખી દુનિયાં જાણે છે.

આ હાજર જવાબીથી બાદશાહ પ્રસન્ન તો થયા, પણ જોશીનું મ્હોં ઉતરી ગએલું જોઇને કહ્યું, બીરબલે સ્ત્રીજાતિની નિંદા કરી, પણ જોશી મહારાજ, તમે કાંઇ પાછું તેની પ્રશંસાનું જ્યોતિષને લગતું બોલો. એણે કહ્યું કે મહારાજ જ્યાં સભાને હાસ્યવૃત્તિ વ્યાપી રહી છે ત્યાં મ્હારૂં શૃંગારનું ગાંભીર્ય રૂચવું મુશ્કેલ છે, તોપણ આજ્ઞા છે તો સ્ત્રીઓની જાતિવિષે કાંઇ મિશ્રરસનું બોલુંછું. તેમાં જેની પ્રશંસા કે નિંદા જે ઘટિત હશે તે આવશે.

१ मतंगी लोहितांगसी, २ शंखिनि शनि निःशंक,
३ चित्रिनि चितहर शुक्रसम,४ पद्मिनि पूर्न मयंक.

એક વેળા સભામાં પાદશાહે પૂછ્યું કે મરનારની તિથિએ જમવા જમાડવાનો ધારો હિંદુઓમાં શા ઉપરથી નીકળ્યો હશે ? કોઇએ કહ્યું કે મરણતિથિ યાદ રાખવાની રીત મુસલમાન વગેરે બધી કોમમાં સામાન્યજ છે. એ રીતે સૌ સૌએ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે જવાબ આપ્યાં, પણ પાદશાહના મનનું સમાધાન થયું નહિ. એ કહે કે એથી તો માણસનો જન્મદિવસ યાદ રાખવો એ બહેતર છે. બીરબલે ઠાઉકા રહીને ઉત્તર આપ્યો કે, સાહેબ, જ્ઞાનીઓની શીખામણજ છે કે–

जन तुं अपने जन्मदिन, करले उच्छव आप;
मरनदिन तौं सबही मिल,लड्डु खायगे बाप.

પાદશાહે કહ્યું કોઇ માણસના મરણને દિવસે ઉત્સવ કરવો એ બહુ નઠારૂં. બીરબલે હસીને કહ્યું, મહારાજ, સંસાર બહુ જ્ઞાની છે અને તેથી જગતનું પાપ ગયું એ જાણી તેના મરણથી હરખાય છે. વિચાર કરો કે-

आया कछु लाया नहि,गया गया जग रोग;
एसे जनके मरन दिन, बिन कहा सुमरन जोग.

જે માણસ જગતમાં આવ્યો ત્યારે કાંઇ પોતાની સાથે લાવ્યો નથી અને ગયો ત્યારે બધાને એમ લાગ્યું કે જગતનું પાપ ગયું, તેવા માણસની મરણતિથિ સિવાય બીજું યાદ રાખવા જોગ શું છે? અર્થાત્:-એવા માણસનું મરણ એજ જગતને લાભકારી છે, અને તેથી તે દિવસનેજ તેઓ મમતાથી યાદ રાખે છે.

જગન્નાથ પંડિત બોલ્યા કે જગત મહાપુરૂષનો તો જન્મદિવસજ યાદ રાખેછે, પણ એવા મહાપુરૂષો થવા મુશ્કિલ તેથી સંસારનો વ્યવહાર મરણ તિથિજ યાદ રાખવાનો દીસે છે.

उच्छव सबके मरन दिन, निज घरमेंही होय;
जगमे उच्छव जन्मदिन, एसा बिरला कोय.

એ ઉપરથી મહાપુરૂષો વિષે વાત ચાલી. બાદશાહ કહે વ્યાજબી છે કે જેના જન્મથી જગતને લાભ થાય તેનોજ જન્મદિવસ યાદ આણે. જીવ્યું તો એવા માણસનું પ્રમાણ છે.

બીરબલ-અને બીજા માણસનું મરવુંજ પ્રમાણ છે.

અકબરશાહે કહ્યું, પંડિતરાજ, એવા મહાપુરૂષો વિરલાજ નીકળી આવેછે તેનું શું કારણ? જગન્નાથે જવાબ આપ્યો, આખા જગતનું પ્રિય માણસથી શી રીતે થઇ શકે? કોઇપણ એવા નીકળી આવેછે એજ નવાઇ જાણવી. ઘણોખરો સંસાર તો પોતાનો સ્વર્થ સાધવા પાછળજ મંડેલો છે, અને તેમાં રાતદહાડો મરી મથેછે તોપણ મનમાનતી રીતે તે સાધી શકતો નથી. હજારમાં ભાગ્યે એક એવો નિકળે છે કે પોતાના પંડનો સ્વાર્થ સાધતો થકો પોતાના કુળની ઉન્નતિ બાબત પણ કાંઇ ફિકર રાખેછે, અને એવી ફિકર રાખનારા હજારમાંથી એકજ ભાગ્યે તેમ કરવાને શક્તિમાન થાયછે. જો કુળદીપક

થવુંજ એ પ્રમાણે આટલું દુર્લભ છે, તો દેશદીપક થવું એ કેટલું દુર્લભ હોવું જોઇએ? ભરતખંડમાથી દેશદીપકપણાની તો આ કળિયુગમાં બુદ્ધિ જતી રહીછે અને તેથી સર્વે શૂદ્રતાને પામ્યા છઇએ. પણ એતો દેશદીપકપણાની વાત થઇ. આખા જગતનું કલ્યાણ કરે એવાં મહા કર્તવ્યકર્મવાળા પુરૂષો તો એથી પણ પર જાણવા.

कुलदिपक होना कठिन, देशदीपक दुर्लभ;
जगदीपक जगदीशको, अंश मनुष्य अलभ्य.

જગન્નાથ પંડિત આ પ્રમાણે જ્ઞાનચર્ચા કરવા લાગ્યા તે ઝનૂનુદ્દીનથી ખામી શકાયું નહિ. તેથી તે જગન્નાથની નિંદા કરી ગાળો દેવા લાગ્યો. પાદશાહે કહ્યું પંડિતરાજ, તમારે એ જૈફ મુલ્લાંના બોલવા તરફ જોવું નહિ. તે ઉપરથી પેલા જોશીએ નીચલો દુહો કહી બધાનાં મન રંજન કર્યા.

लगत जगतमे नहि कदा, गुनिको गाली साच;
शशि शशांक मृगांक सब, शब्द सुधाकर वाच्य.

અર્થ:- કોઇ ગમે એટલી નિંદા કરે પણ જે ગુણવાને છે તેને તે ખરેખર લાગતી નથી. જેમકે ચંદ્રમાને કોઇ દ્વેષભાવથી સસલાવાળો કે સસલાની છાપવાળો એમ કહે અને એ કહેવું ખરૂં છે તોપણ જગતમાં તેને તે ગાળ છે એમ સમજવાનુંજ નહિ, અને લોકો તો એ ગાળના શબ્દો તે પણ સુધાકર વાચ્યજ ગણવાના, કેમકે તેમાં સૌંદર્ય શીતલતાદિક સારા ગુણો રહેલા છે.મતલબ કે જેમ શશી, શશાંક વગેરે શબ્દો ખરૂં જોતાં ચંદ્રની નિંદાનાજ છે તોપણ રૂઢિમાં સ્તુતિનાજ સમજાયછે, તેમ મોટા ગુણવાનની કોઇ નિંદા કરેછે તોપણ તે તેને લાગતી નથી.

આ સાંભળી આખી સભા પ્રસન્ન થઇ. જગન્નાથ પંડિતને ઝનૂનુદ્દીન ઉપર કાંઇ રીસ ચડવા આવી હતી તે આ કાવ્યચમત્કૃતિથી ઉતરી ગઇ અને કહ્યું કે જોશીબાવાએ સારી કવિતા કરી. કાવ્યશાસ્ત્રનો પણ એવોજ ન્યાય છે:

दोषदर्शी गुनअंधको, गिन गुनी अधम अभाग;
शर्द सुधाकर शुद्धमे, सस शोधत रस त्याग.

બીરબલે કહ્યું પંડિતરાજે ખરેખરો સપોટ મૂર્ખ ટીકા કરનારની ઉપર આ ઠેકાણે લગાવ્યોછે. કેટલાક ટીકાકાર સ્વભાવથીજ એવા રસશૂન્ય હોયછે કે આંધળો જો મેઘ ધનુષ્યની શોભા દેખે તો તેનાથી કાવ્યની ખૂબી દેખાય. એવા અંધત્વના કારણથી તેને ખરા કવિઓની નિંદાજ સૂઝે છે. આ વ્યાકરણ વિરૂદ્ધ થયું, આ રૂઢિ વિરુદ્ધ ગયું, આ નીતીનો દોષ થયો, એમજ તેઓ છીંડાં શોધેછે. આવા લવારાને કાવ્યશાસ્ત્રના ખરેખરા જાણ હોય છે તેતો ગણકારતાજ નથી, પણ નવા બુદ્ધિમાન કવિઓને ક્ષોભ થાય છે. પરંતુ તેમ ન થાય તેને માટે આ દુહામાં સારો બોધ કર્યોછે. અર્થ-જે દોષજ દેખેછે અને ગુણ જોવામાં કેવળ આંધળોજછે તેને, ઓ ગુણીજન, તું અધમ ને અભાગીઓજ ગણ. મતલબ કે એવા ટીકાકાર ઉપર ચીડવું કે ખીજાવું નહિં પણ ઉલટું તેનું રસમાં પામરપણું જોઇને તેના ઉપર દયા કરવી જોઇએ. એવા મૂર્ખ ટીકાકાર કોના જેવાછે તો કે કોઇ મૂર્ખે એમ સાંભળ્યું હશે કે ચંદ્રમામાં સસલાનો

આકાર દેખાયછે. તે ઉપરથી શરદઋતુમાં પૂર્ણ ચંદ્ર પ્રકાશી રહ્યોછે તે વેળા ચાંદનીની મઝા લેવાને બદલે તેમાં સસલું ક્યાંછે તેજ શોધવા લાગ્યો. તેવીજ રીતે મૂર્ખ ટીકાકાર પણ વર્તેછે-રસ છોડીને સસલારૂપી અલ્પદોષજ શોધવાને દોડેછે, કેમકે એની આંખે રસ તો દેખાતોજ નથી.

અકબરશાહ અને બીરબલ. ભાગ-૭ મો

બીરબલ ઉપર બાદશાહની પ્રીતિ દિનપરદિન વધતીજ ચાલી. જેમ જેમ સહવાસ વધારે થવા લાગ્યો તેમ તેમ એ કવિતાતંરગની સાથે વ્યવહારી કામમાં પણ કુશળ, તર્કબાજ, અને ચતુર માલમ પડ્યો. કોઇ પણ વાતનો તોડ કાઢી આપતાં એને વાર લાગે નહિ. અકબરે પ્રસન્ન થઇ એને સુબાગીરી બક્ષી. આ સાંભળી અદેખા દરબારીઓ રાજી થયા અને જાણ્યું કે ટાઢે પાણીએ ખસ ગઇ. પણ આટલાથીજ તેઓ ન ધરાતાં સાચી જાુઠી બાતમીઓ મેળવી હજાુરમાં હજારો ખટપટ કરવા લાગ્યા.

પણ બીરબલ સો ખટપટીને પૂરો પડે એવો હતો. તેમના કાવાત્રાની એને રજેરજ ખબર પડતી. લાંચ ખાયછે, ઉચાપત કરે છે, જાુલમ કરેછે એવા ગાંડા ગાંડા અપવાદ સાંભળી એને હસવું આવતું, કેમકે એ જાતે ચોખ્ખો હતો. તેઓ એ વાતની ચુગલી કર્યા વિના પણ રહ્યા નહિ કે બીરબલ પોતાના જાતભાઇ નાગરોનેજ બધે વર્તાવેછે. આ આરોપ કેટલેક દરજ્જે ખરો હતો, અને તેથી એ બાબત તેઓ બાદશાહના દરરોજ કાન ભરવા લાગ્યા. બીરબલને આ આરોપની ખબર પડતાં બહુજ ખુશી થયો અને પહેલાં કરતાં પણ પોતાની નાતના ઉપર વધારે છચોક મહેરબાની રાખવા લાગ્યો. એક દહાડો પ્રદોષની પૂજામાં બેઠો હતો તે વળા કોઈ બ્રાહ્મણ નીચે પ્રમાણે ટેહેલ નાખતો આવ્યો તેને માન સન્માન આપી કચેરી એકઠી કરીને જાહેર રીતે ન્યાલજ કરી નાખ્યો.

सागरको जल सोस घर, जा घरमें ज्यों तोष;*
नागरके भर कोष रु, गागर गरीब प्रदोष.

અર્થ:- દરબારરૂપી સમુદ્રનાં પાણી તું શોષી લઈને જા, તારા ઘરમાં ભરાય તેટલાં ભર (કેમકે તે કાંઈ ખૂટવાના નથી.) નાગર લોકોના ભંડાર ભર, અને હું એક ગરીબની આ એક ગાગર તું પ્રદોષની વેળા ભરી આપ.

આ વાતની બાદશાહ આગળ ફર્યાદ જતાં તેને પણ લાગ્યુંકે એતો હવે છેક ફાટ્યો, અને તેથી એને હજાુરમાં એકદમ બોલાવવાનો હુકમકર્યો. શત્રુઓ હરખાવા લાગ્યા. બીરબલ તો ધારતોજ હતો કે મને બોલાવશે. તેથી તે દોડમાર કરતો જાણે લગનમાં જતો હોય તેમ ખુશીની સાથે દિલ્હી આવી પહોંચ્યો, અને આવ્યો તેવોજ દરબારમાં ગયો. ત્યાં આટલો વહેલો આવેલો જોઈ બધા આશ્ચર્ય પામ્યા.એ તુર્ત તખ્ત આગળ જઇને નમ્યો. અકબરતો એના મોં સામુંજ જોઇ રહ્યો અને વિચારમાં પડ્યોકે ગુન્હેગાર હોય તો આ પ્રમાણે હસતું નિર્દોષ મોં રહે નહી. બીરબલ પણ કાંઈ બોલ્યા ચાલ્યા વિના ઘૂંટણીએ પડ્યો હતો તે પ્રમાણેજ બાદશાહની સામું જોઇને ઉભો રહ્યો.

* સંતોષ, મન ધરાય ત્યાં સુધી

આખરે અકબરે કહ્યું કે આટલો તાપ છતાં તારૂં મ્હોં કેમ સૂકાયું નથી. તે વેળા ખરો ઉન્હાળો ચાલતો હતો, અને તેથી આ પૂછવું યોગ્યજ હતું પણ બીરબલ તેનો મર્મ સમજી ગયો, અને બોલ્યો કે મારા ગુરૂ જનોની આ પ્રમાણેજ શીખામણ છે.

दुखमेंसे सुख होत हैं, डर मत देखहि दुःख;
जितनो दुःखहि तापको, तितनो वृष्टिसुख.

એક ડોસો ચાલુ મામલાથી અજાણ્યો હતો. તેણે આ દુહો સાંભળી કહ્યું કે ખરી વાત છે કે જેમ તાપ વરસાદ પણ વધારે. પણ બીજા બધાનું ચિત્ત તો બીરબલનું શું થાયછે તે તર્ફ લાગેલું હતું, તેથી એ સાહિત્ય વિષે કાંઇ પણ ચર્ચા ચાલી નહિ. એની આ બેપરવાહી જોઇ દુશ્મનોના હોશ ને કોશજ ઉડી ગયા, અને મનમાંતો ખાત્રી થઈ કે આપણે એને પહોંચવાના નથી. તોપણ હિંમતતો હારવી નહિ એમ ધારી એક જણે કળે કળે પેલી ટેહેલની વાત કાહાડી. બીરબલે ધીમે રહીને ભોળો હોય તેમ બધી વાત કબુલ કરી: એણે કહ્યું કે તે બિચારો બ્રાહ્મણ છોકરી પરણાવવાને માટે ગાગર લઈને બપોરનો ગામમાં રખડતો હતો, અને મને એ વાતની ખબર થતાં મારાથી બન્યું તેટલું આપ્યું. એ ટેહેલની ખૂબી એવી હતી કે હું જો શ્રીમંત હોતતો મોહોરને ઠેકાણે હીરાથી એ ગાગર ભરી આપત કોઇએ અજાણ્યા થઈ તે ટેહેલ શી હતી એમ પૂછ્યું ત્યારે એણે ખુશીની સાથે તે દુહો ભણી બતોવ્યો.

सागरके जल सोस घर, जा घरमे ज्यौं तोष;
नागरके भर कोष रु, गागर गरीब प्रदोष.

કાવત્રાખોરોએ ધાર્યું કે હવે એ ઝખ મારેછે. તેઓ બોલી ઉઠ્યા કે જહાંપનાહ, બીરબલના મ્હોંનીજ કબુલાત આવી ચૂકી. હવે આપ ધણી છો ચાહે તે કરો. અકબરનો ગુસ્સો પણ આ દેખીતું બેહયાપણું જોઇને જાગૃત થયો. તે છતાં તેણે તે ન બતાવતાં ગંભીરાઇથી એટલુંજ કહ્યું કે બીરબલ, તને આ ટેહેલમાં શો ચમત્કાર લાગ્યો કે તું તે પર આટલો બધો ફિદા થઇ ગયો છે.

બીરબલ બોલ્યો, મારી કમસમજ પ્રમાણે જે મને સુઝેછે તે કહુંછું. આપ જાણોછો કે ઉન્હાળામાં તાપ પડેછે તેના જોરથી સાગરના પાણીની વરાળ થઇને ઊંચે ચડેછે અને તેનાં વાદળાં થાયછે. એ પાછાં પૃથ્વી ઉપર પડે છે ત્યારે વરસાદ કહેવાય છે. એ ઉપર આ સાહિત્ય છે. બપોરે બહુ તાપ પડતો હશે તે વેળા કોઇ કવિએ સૂર્યને આ પ્રમાણે કહ્યું. તું તપેછે.તેથી વધારે તપ. જા,તારી મર્જીમાં આવે તેટલું સમુદ્રનું પાણી સોસી લઇને તારા ઘરમાં (વાદળમાં) ભર, પણ સાંજને સમે નાગર નામ નગરવાસીઓના કોષ કહેતાં ટાંકાઓ ભરી નાંખજે, અને હું ગરીબતો બારણે એક આ ગાગર મૂકી છાંડીશ તે ભરી આપજે એટલે થયું. પ્રદોષ કહેવાનું કારણ એ કે વરસાદ આવવાનો વખત ઘણું કરીને સાંજજ છે.

આ સાંભળી બધા દિંગ થઇ ગયા.ખટપટીઆનાં મ્હોંતો કાળાંમેશ જેવા દેખાયા, અને નીચેથી ઉંચું જોઇ શક્યા નહિ. અકબરશાહ પણ સાનંદાશ્ચર્યથી બીરબલની સામું જોઇ રહ્યા અને આંખમાં અપૂર્વ વહાલ ઝળકી ઉઠ્યું.

પછી બીરબલે કહ્યું કે હુંતો એનો અર્થ આ પ્રમાણે સમજાવુંછું. કોઇએ બીજો અર્થ આપને કહી બતાવ્યો હોયતો તે બોલે પણ કોણ જવાબ દે? કોઇના મ્હોમાંથી એકે અક્ષર નીકળ્યો નહિ. ત્યારે બીરબલે બાદશાહને પગે પડી કાંઇક માઠું લાગ્યું હોય તેવી રીતે કહ્યું કે સાહેબ આ બેવકૂફ ચૂગલીખોરોએ મારે વાસ્તે જે જે વાતો ભરાવી છે તે હું જાણુંછું આ દોહરાનો અર્થ એ મૂર્ખાઓ શું કરે છે તે મેં સાંભળ્યો છે, પણ એ અર્થમાં શી ભલીવારી છે? મને નવાઇ લાગેછે કે આપે પણ એ બેવકૂફોનું કહ્યું કેમ ખરૂં માન્યું. બંદેનવાજ વિચાર કરો, હું જો એવે ઘર ભરનારો અને વગવસીલાજ ચલાવનારો હોઊં તો એવો આરોપ મૂકનારને હું જાહેર રીતે ઇનામ પણ આપું? ચોર હોય તેતો વધારે સતો થાય.

બાદશાહે કહ્યું કે, બસ બીરબલ, હવે તું એ વિષે વધારે બોલજ નહિ. મારી ખાત્રી થઇ કે તું બેગુનાહ છે. પણ તું આવ્યો તો સારૂં થયું કેમકે મને તારા વિના ગમતું નહોતું. બીરબલે કહ્યું કે સાહેબની તો મારા ઉપર સદા મહેરબાનીજ છે, પણ આ ખટપટીયાઓએ મારા ઉપર બીજા પણ આળ મૂક્યા છે તેની તપાસ થવી જોઇએ. તેઓએ સાહેદીપૂરાવા ભેગા કર્યાછે તે હાલના હાલ જોવા જોઇએ.

બાદશાહે તો કહ્યું કે તેની હવે કાંઇ જરૂર નથી. પણ બીરબલનો આગ્રહ જોઈ તેઓને કહ્યું કે તમે સાહેદીપૂરાવાનું કહેતા હતા તે બતાવો. તેમના તો હાંજાજ નરમ થઇ ગયા હતા. તેઓએ ઘણાંએ ગલ્લાંતલ્લાં માર્યા, અને બાનાં કાઢ્યાં કે લોકને કહે અમે ભમાયા હતા પણ બીરબલે તેમને છટકવા દીધા નહિ. પોતાની રૈયતમાંનો એક વાણીયો ત્યાં બેઠો હતો તેની તર્ફ આંગળી કરીને કહ્યું કે આ લુચ્ચાને અહિયાં કેમ આણ્યો છે? એને શી ફરિયાદ છે? તેતો હાથમાં કાછડી લઇને ધ્રુજતે ધ્રુજતે બોલ્યો કે બાપજી કાંઇ નહિ, બાપજી કાંઇ નહિ, તમેતો માબાપ! મા બાપછો ! મારા માબાપ ! મારી સાત પેઢીના માબાપ! આ દેખાવથી આખી કચેરીને ઠીક રમુજ થઇ. પણ જે કારભારીએ તેને ચડાવી રજૂ કર્યો હતો તેનું નામ દઇને બીરબલે કહ્યું કે, મિયાંસાહેબ, એ હેમકને તો બોલવાનું કાંઇ ભાન નથી પણ આપે હજુરને ખાનગીમાં કહ્યું હતું તેમ જાહેરમાં કહી સંભળાવો કે મારી તર્ફનો કાંઈ ખુલાસો હોય તે આપું. એ મિયાંએ ઉડાવવાનું તો બહુ કર્યું, પણ ચાલ્યું નહિ. બાદશાહે જાતેજ પૂછ્યું કે એને કેદમાં નાંખી બીરબલ કેટલાક રૂપિયા ખાઈ ગયોછે? જવાબ દીધો કે દશેક હજાર રૂપિયા કાંઇ કહેતો હતો ખરો. બીરબલે કહ્યું એમ નહિ. બરાબર આંકડો જોઇએ. વાણીયા, ગભરાઇશમા. તને બરાબર યાદ હશે તેથી તુંજ બોલ. તેણે કહ્યું કે અગીયાર હજાર રૂપિયા ૯ આના ને ૫ દોકડા. બીરબલે કહ્યું, બરાબર, પણ મિયાંસાહેબ એ રૂપિયા હું ખાઇ ગયો તેનો શો પૂરાવો? એમ કહી પોતાનાં બધાં દફ્તર જોડે આણ્યાં હતાં તેમાંથી દિલ્હીનું ખાતું મંગાવી પાદશાહને કહ્યું કે, સાહેબ, જુઓ એ રકમ રેશેરેશ મ્હેં જમે આપીછે. ખરી? રાજા ટોડરમલ્લ તર્ફ જોઈ કહ્યું કે દિવાનજી, હજુરમાંથી દફતર મંગાવી તપાસો કે તેમાં એ રકમ જમે આવી છે કે નહિ તે માલમ પડશે. તેમ કરતાં બીરબલ કેવળ નિર્દોષ ઠર્યો અને પેલા ચાડીયાને લાખ દામ દંડ તથા વાણીયાને ગધેડાની સ્વારી મળી.

એ રીતે બીરબલની સામે જે તર્કટ ઉભું થયું હતું તે તદન તૂટી પડ્યું, અને પાદશાહની મહેરબાની હતી તેથી પણ વિશેષ થઇ. બધા દરબારીઓ બીરબલની ભલાઈનાં વખાણ કરવા લાગ્યા, અને બોલ્યા કે અમે તો અગાઉથીજ જાણતા હતા કે બીરબલ એવું કામ કરે નહિ. ખટપટમાં જેનાં નામ ખુલ્લાં પડ્યાં હતાં તેમણે તો ધીમે ધીમે ઉઠીને કાળુંજ કરવા માંડ્યું. એમ કરતાં કરતાં છેક રાજા ટોડરમલ્લ, ફેઝી, અબુલ ફઝલ, જગન્નાથ પંડિત વગેરે ખાસ વિદ્વાન મંડળજ રહ્યું અને તેતો સર્વે બીરબલના મિત્રજ હતા. ત્યારે પાદશાહે હસીને કહ્યું કે, બીરબલ, ત્હેં બધાનો વહેમ દૂર કર્યો, પણ મને તો એમાં બધું તારૂં તર્કટ ભાસે છે. જગન્નાથરાય, આ દુહો તમે કોનો બનાવેલો ધારોછો? જગન્નાથે જવાબ આપ્યો કે જગતમાં એવી કવિતા કરે એવો કાળિદાસ કે બીરબલ વિના બીજો કોણ છે? પરંતુ કબિરાયનેજ, મહારાજ, પૂછશો તો આપની સમક્ષ એ યથાર્થ કહેશે, કેમકે એ સમજે છે કે –

बात बढाके बोल मत, जुठे बढे जन मोत;
नागरकोही नागगर, एक हर्फ में होत.

અર્થ:-વાત વધારીને કહેવી નહિ, કેમકે જૂઠું બોલ્યાથી માણસનું મોત વધારે થાય છે. નાગર શબ્દ આવો ઉત્તમછે તો પણ તેમાં એક અક્ષર (ગ) વધવાથી નાગગર કહેતાં સાપનું ઝેર થઇ જાય છે.

બીરબલે નમ્રતાથી જાહેર કર્યું કે શાહની સન્મુખ સાચ સિવાય બીજું હું બોલનાર નથી. એ દુહો મારોજ બનાવેલો છે, અને એ ટેહેલીઓ પણ મારે કહેથીજ આવ્યો હતો. એ લુચ્ચાઓ કેવાં નજીવાં તહોમત પણ મૂકતાં કાંઇ વિચાર કરતા નથી, અને તેમાં મરી મસાલો ભભરાવીને આપની આગળ કેવી ચાડીઓ ખાયછે તેઉઘાડું પાડવાને માટે આ ખેલ કર્યો હતો તેને માટે હું માફી માગું છું, અને શપથ ખાઇને કહુંછું કે મેં એક દમડી પણ હરામની ખાધી નથી.

બાદશાહે કહ્યું કે એ વાતની તો પૂરાવાની સાથેજ ખાત્રી થઇ છે માટે બોલ નહિ, પણ જરા કહેવું પડે છે કે લોકોની સાથે મીઠાશથી ચાલ્યો હત તો ઠીક. ટોડરમલ રાજા બોલ્યા કે, જહાંપનાહ, ઉઘરાતદારનું કામજ એવુંછે, માટે તે કોઇને મીઠો લાગે નહિ. બાદશાહ કહે, એમ તો કેમ કહેવાય? અમારા રાજમાં કરોડની ઉપજછે, પણ કોઇએ અમારૂં વાંકુ બોલતું નથી. ટોડરમલ્લે હસીને કહ્યું કે એ કરોડો રૂપિયા આવા ઉઘરાતદારજ પેદા કરે છે. અને તેને તો લોકો ગાળોજ દેછે. આપનું કામ તો એ પૈસા ખરચવાનું રહ્યું. એટલે આપની ઉદારતા વખણાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. આપજ વિચાર કરોની કે બીરબલે જે પૈસા ઉઘરાવ્યા તે કોને સારૂ ?

तरनी भरनी करत सो, बिन घन किस्के काज;
मे' सूली सूली लगे, राजा राजाधिराज.

અર્થ:- તરણી કહેતાં સૂર્ય જે તપી તપીને ઉન્હાળામાં પાણીની ભરણી કરે છે તે વરસાદ સિવાય બીજા કોને વાસ્તે? તોપણ એ જગતનો ધારોછે કે મહેસૂલ ઉઘરાવનારા માણસ સૌને શૂળી જેવા લાગે, અને તેજ પૈસા ખરચનાર રાજા તે મહા

ઉદારને રાજાધિરાજ કહેવાય.

કોઇએ કહ્યું કે મહેસૂલનું કામ તો એવું ખરૂં, તોપણ મીઠાશ રાખી હોય તો કાંઇ ફેર પડે ખરો. મુલ્લાં ફૈઝીએ કહ્યું કે કાંઈ નહિ, સૂરજના દૃષ્ટાંત ઉપરથીજ વિચાર કરો.

हसहस जल चूसे रवि, घन बरसे हो घोर;
तदपि मेघ महाराज रु, दिनकर कठिन कठोर.

અર્થ:- સૂરજ હસી હસીને જળ ચુસી લેછે, અને વરસાદ કાળું ભયાનક રૂપ ધારણ કરીને વરસે છે તોપણ વરસાદ તે મેઘરાજાજ કહેવાયછે, અને સૂરજ દિનકર કહેતાં દિવસનો કરનાર છે તે છતાં પણ તે તપે છે ત્યારે તેને કઠિણ એવાંજ વિશેષણો અપાય છે. કહેવત છે કે લૂખાં લાડ શા કામનાં, અને દૂઝતી ભેંસની પાટુ પણ સારી.

અકબરશાહ પ્રસન્ન વદને બોલ્યા કે આજ તો પાછો કવિતાવિલાસ ઠીક ચાલ્યો. ફોજદારી કામ તપાસાયું અને તેની જોડે ઉન્હાળાના સૂરજની કવિતા થઇ. જગન્નાથરાય, હવે એ વિષે તમે પણ કાંઈ કવન કરો કે સભા બરખાસ્ત કરીએ.

જગન્નાથ પંડિત કવિતા રચેછે એટલામાં તે દિવસની હકીકત પૂરી કરવાની અબુલ ફઝલે પોતાના મુનશીને તાકીદ કરી, અને ધમકાવ્યો કે હું લખાવું છું તે લખતાં આજ કેમ આટલીવાર લગાડે છે. તેણે કહ્યું કે હઝરત, દુઆતમાં પાણી નાખી નાખીને થાક્યો પણ આ તાપને લીધે સાહી સૂકાઇજ જાય છે. આ રકઝકનો અવાજ બાદશાહને કાને ગયો તેથી પૂછ્યું કે મુલ્લાંજી સાહેબ શું છે? જગન્નાથ બોલી ઉઠ્યા, કે મહારાજ એ વાતનો ખુલાસો મારી કવિતામાં આવશે એમ કહી નીચે પ્રમાણે કહ્યું:

हर्खे अर्धदे अर्कको, नर धर्मिष्ट प्रभात;
तपे दुपो'रे तब सबी, दरिया अरु दुआत.

જે ધર્મ બુદ્ધિવાળા માણસો છે તેતો પ્રભાતમાંજ હરખથી સૂર્યને અર્ધદાન દેછે, પણ એવા થોડા હોય છે. ઘણાખરા તો બપોરે સૂરજ તપીને બળાત્કારે તેમની પાસે પાણી ઝરાવે છે ત્યારેજ આપે છે-પછી તે દરિયો હોય કે દુઆત. મતલબ કે ધનવાન માણસને આપવું ગમતું નથી અને તેની પાસે લેવાને માટે બળાત્કાર કરવો પડેછે. માટે દશ વર્ષની ચઢેલી મહેસૂલ વસુલ કરવાને અર્થે આ શ્રીમંત શેઠીયાને કેદમાં મોકલવો પડ્યો હોય તો એમાં કાંઇ નવાઇ નથી.

આ સાંભળી બધી સભાનાં દિલ રંજન થયાં અને બાદશાહે કહ્યું કે આ શાસ્ત્રી મહારાજે તો તારા પક્ષનો શાસ્ત્રાર્થ પણ કહાડી આપ્યો. બીરબલ કહે, મહારાજ, નઠોરને માટે તો ચૌદમું રત્ન આ પ્રમાણે દેવતાઓથી પણ ચાલતું આવે છે.

કવિઓનો બીજો મેળાવડો પંદરેક દહાડા પછી થયો, કેમકે એ દરમ્યાન બાદશાહ ભારી ધર્મચર્ચામાં ગુંથાયો હતો. એ ધર્મસભામાં પણ બીરબલ બાદશાહની હજુરમાંને હજુરમાંજ રહેતો, અને વખતે લાગ જોઈ બધાને હસાવતો, તોપણ કવિતારંગ ઉઠાવવાની હિંમત ચાલતી નહિ. જગન્નાથ, ફૈઝી વગેરે જે સઘળા વિષયમાં કુશળ હતા તેતો ધર્મચર્ચાનાજ રંગે ચડ્યા હતા. તેથી બાદશાહને આજે કવિતાવિનોદનું

મન થઇ આવ્યું હતું.

સભા મળ્યા પછી બાદશાહે કહ્યું તે દિવસે જગન્નાથે બહુ સારો દુહો કહ્યો હતો. ફૈઝી ઉમળકાથી બોલી ઉઠ્યો કે એમાંનું “हर्खे अर्धदे अर्कको” એ ચરણ તો મારા કાનમાં રમ્યાજ કરે છે અને કોણ જાણે એમાં શો ચમત્કાર છે તે કહી શકાતું નથી. બાદશાહે કહ્યું કે ત્યારે તમે સઘળા રસશાસ્ત્રીઓ મળી એનો વિચાર કરો.

પેલા જોશીકવિએ કહ્યુ કે મારી નજરમાં એમ આવેછે કે એમાં ત્રણ પ્રાસનો થડકારો આવ્યો છે તે કારણથી એ ચરણ મનોહર લાગેછે.

ફૈઝીએ કહ્યું કે એમતો નથી. શબ્દના જોડાવાથી કાંઇ આટલો રસ જામે નહિ. એતો બાળખેલ કહેવાય. જોશીએ કહ્યું કે એમ શા માટે? શબ્દાલંકારની પણ મઝા ઔર છે. ફૈઝી કહે, એ બધું ખરૂં, તોપણ ઝડઝમકના ઝમકારાથી તો બાળક હોય તેજ રીઝે. જોશીએ ચીડવાઇને જવાબ દીધો કે એમ હોય તો વિદ્વાનો એને અલંકારમાં શા માટે ગણેછે.

આ રીતે તકરાર વધી જવા આવતી હતી, પણ એટલામાં જગન્નાથ પંડિત બોલ્યા કે અકેકાના મુદ્દા સમજ્યા શિવાય નકામા શું કામ વઢો છો. ફૈઝી કહે છે તે પણ ખરૂંછે અને જોશીબાવા કહેછે તે પણ ખરૂં છે. ખરૂં વિવાદસ્થળજ એછે કે અર્થ વિના રસની ઉત્પત્તિ હોયજ નહિ અને તે છતાં શબ્દાલંકાર શા માટે કાવ્યને શોભાવે છે, એ પ્રશ્નનું વિવેચન કરવું જોઇએ. આ સાંભળી બધાએ જોયું કે વિવાદસ્થળ તો ખરેખરૂં એજ છે, પણ તેનું સમાધાન શું તે કોઇને સૂઝે નહિ. જગન્નાથ પંડિતતો આટલું કહી જોઇનેજ ચુપ બેઠા હતા. બાદશાહે બીરબલને કહ્યું કે તું કેમ કાંઈ આ વિષે બોલતો નથી.

બીરબલ બોલ્યો:-મહારાજ, હું શાસ્ત્રબાસ્ત્રમાંતો કાંઈ ઝાઝુ સમજતો નથી. પણ એ ચરણ મને સારૂં લાગે છે તેનું કારણ મારા મનમાં તો એ છે કે “हर्खे अर्धदे अर्कको” એવો ત્રિપુટપ્રાસ સાંભળતાંજ બ્રાહ્મણો ત્રણ અર્ઘ આપે છે તે મારી આંખે દેખાઈ જાય છે.

જગન્નાથે કહ્યું, શાબાસ સંસ્કારી બીરબલ, તુંતો હસવામાં અને સહજ જાણીને બોલેછે પણ એજ શબ્દાલંકારના શાસ્ત્રનું હાર્દછે. પૃથ્વીપતે, રસિક ફૈઝી કહેછે તેમજ ઝડઝમકના ઝમકારા જાતે કાંઈ કામના નથી, અને તેથી બાળક શિવાય કોઈ પણ રીઝે નહિ. પરંતુ જ્યારે તે શબ્દની ધ્વનિ ઉપરથી કાંઈ અર્થની વ્યંજના નીકળે ત્યારે તે રસનું કારણ થઇ પડે. ઘણા માણસ એવી વ્યંજના સ્પષ્ટ સમજી શકતા નથી, તોપણ તેના અંતરમાં કાંઈ એનો આભાસ પડે છે અને તેથી એને આનંદ થાયછે. જે શબ્દની ધ્વનિમાં કાંઈ વ્યંજના રહેલી નથી તે માત્ર બાળખેલજ છે. એજ કારણથી એક કવિની ઝડઝમકોથી વિદ્વાનો રીઝે છે અને બીજાની ઝડઝમકો એવી હોયછે કે તે સાંભળી હસવુંજ આવેછે. શબ્દાલંકાર સારો ક્યો ને નઠારો કયો એ ઓળખવામાં બહુ બારીક બુદ્ધિનું કામ પડે છે, અને તેથી ગામડીયાઓતો ચાર ચચ્ચા મમ્મા વધારે મેળવેલા હોય તો તે જોઇનેજ વધારે રાજી થાયછે.

આ પ્રમાણે જગન્નાથપંડિત વ્યાખ્યાન કરેછે એટલામાં આકાશમાં વાદળ ચડી આવ્યું અને ચોમેર ઘનઘોર થઇ રહ્યું. આ જોઈ સઘળાના મન રાજી થયાં, કેમકે ઉન્હાળો જઇને ચોમાસું બેઠું હતું અને લોકો ક્યારના વરસાદની ફિકર કરતા હતા. સઘળા હરખથી આકાશભણી જોવા લાગ્યા. બાદશાહે કહ્યું કે ફૈઝી, તું કાંઇ આ પ્રસંગને અનુસરતી કવિતા કર. ફૈઝીનું અંત:કરણ આ ઇશ્વરલીલા જોઇને ઉભરાઇ રહ્યું હતું અને તેથી તે નીચે પ્રમાણે બોલ્યો:-

तृषित धराके शिर धरा, अधर उठाके आन;
सागर खारा कर मिठा, धन्य धनी भगवान.

ભાવાર્થ : આખી પૃથ્વી તૃષાતુર થઇને પાણી પાણી કરી રહી હતી તેથી પરમેશ્વરે અધર ઉઠાવીને તેના માથા ઉપર દરિયાનેજ લાવીને મૂક્યો અને વળી તે ખારો હતો તેને મીઠો કર્યો. ધન્ય છે સૌના મહાદયાળુ ધણી ઇશ્વરને!

બાદશાહ બોલ્યા કે ફૈઝીએ બહુ મઝેની વાત કહી. બીરબલ કહે, મહારાજ, એ સાહિત્યના જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાંછે. એમાં જે કહ્યું તે બોલેબોલ ખરૂંછે અને તે બોલેબોલમાં રસ છે. દરિયામાંથી પાણી મીઠું થઇને ઉંચે ચડેછે અને અધરનું અધર આપણે માથે આવીને ઉભું રહે છે એમાં કાંઈ ખોટું નથી. ખરી કવિતાવાળી ઇશ્વરસ્તુતિ તે આનુંજ નામ!

એવામાં મંદ મંદ પવન આવવા લાગ્યો અને મેઘરાજા લાવલશ્કરની સાથે પધાર્યા. એ મઝા લેવાને બાદશાહ ઝરૂખામાં જઇ બેઠા, અને બીજાઓ ફરતા ફરતા ત્યાં ઉભા રહ્યા. સઘળાના જીવમાં આનંદ આનંદ થઇ રહ્યો અને થોડા વખત સુધી કોઇને કાંઇપણ વાત કરવાનું સૂઝ્યુ નહિ. પછીથી રાજા ટોડરમલ્લ બોલ્યા કે વાહવા! દુનિયાં આબાદ થઇ ગઇ! અકબરશાહે કહ્યું કે "રાજા તો મેઘરાજા, ઔર રાજા કાયકા" એમ જે કહેવાય છે તે ખરૂંજ છે. બીજા કોની મગદૂર છે કે એક પલકમાં દુનિયાંને આ પ્રમાણે આબાદ કરી શકે.

જગન્નાથે કહ્યું કે, મહારાજ ખરૂં કહોછો. રાજનીતિમાં પણ મેઘરાજાનેજ વખાણ્યો છે.

केसो राज चलावनो, मे'सो शीख्र सुजात;
ले सो लगे न लोगको, दे सो सुख्र साक्षात.

અર્થ:- હે, ઉંચા કુળના રાજપુત્ર, રાજ કેમ ચલાવવું તે તું મેઘરાજાની પાસેથી શીખ. તે લોકો પાસેથી લેછે તે કોઇને કાંઇ પણ જણાતું નથી અને આપે છે તે તો બધાને સાક્ષાત સુખરૂપ માલમ પડે છે.

ટોડરમલ્લે કહ્યુ, એ બરાબર વાત છે. મેઘરાજા વરાળરૂપે બધા પાસેથી પાણી ખેંચી લે છે તે કોઈને કાંઇજ જણાતું નથી, પરંતુ જ્યારે વૃષ્ટિ રૂપે તેનું તે પાણી જગતને પાછું આપે છે ત્યારે વાહવા થઈ રહેછે. વજેવેરા ઉઘરાવવાની ખરી રીત એજ છે. એનો પહેલો નિયમ એવો છે કે તે સઘળા પાસેથી લેવા અને પક્ષાપક્ષીથી કોઇને બાતલ રાખવા નહિ. એ બાબતતો પંડિતરાજે પ્રથમજ કહ્યું હતું કે, "दरिया अरु दुआत"

સૌની પાસેથી મેઘરાજાની મહેસૂલ લેવાય છે. બીજો નિયમ એ છે કે બધા પાસે લેવું ખરૂં પણ જેવી જેની શક્તિ. આ નિયમ પ્રમાણે બરાબર કોઇ રાજાથી વર્તી શકાતું નથી. પણ સૂર્યનારાયણના હાથમાં તો અદલ કાંટો છે. સાગરમાંથી સાગર પ્રમાણે, ને ગાગરમાંથી ગાગરના પ્રમાણમાંજ વરાળ ઊંચે જાયછે. ત્રીજું ને ખરૂં કહીએ તો મુખ્ય વાત એ છે કે સઘળા વજેવેરા લેવા તે લોકના લાભને માટેજ લેવા. એ વાતમાં પણ મેઘના જેવું પરમાર્થપણું ક્યા રાજનું નીકળવાનું હતું? ચોથો નિયમ એ છે કે શક્તિ પ્રમાણે મહેસૂલ લેવું એટલુંજ નહિ, પણ કકડે કકડે એવું લેવુંકે કોઇનેજરાએ ભારે પડે નહિ. એ વાતમાં પણ મેઘરાજાની બરાબરી કોઇ કરી શકે એમ નથી. એ એટલું થોડું લે છે કે કોઇથી દેખાતું નથી. મતલબ કે જેમ જેમ વિચાર કરીએ છઇએ તેમ તેમ મેઘરાજની નીતિ સર્વોપરી માલમ પડે છે. એ બાબત કોઇ કવિ કહે છે કે:-

सागर सागर सर्वकी, शक्तिवत सुख मूल;
अल्प अल्प अदश्य रुप, मेघ लेत मे'सूल.

અકબરશાહ અને બીરબલ. ભાગ-૮ મો

વર્ષાઋતુ વિષે બીજા બધાએ કવિતા બનાવી, પણ બીરબલ કાંઇ બોલ્યો નહિ તેથી પાદશાહને આશ્ચર્ય લાગ્યું. એને કહ્યું કે, બીરબલ, તું કેટલાક દિવસથી કેમ સભામાં મન મૂકીને બોલતો ચાલતો નથી. કાંઇ જવાબ ન દેતાં બીરબલ દિલગીરી ભરેલે ચેહેરે નીચું જોઈ રહ્યો. પ્રેમાળ ફૈજીએ કહ્યું કે, સાહેબ, જે દિવસથી એના ઉપર પેલું આળ આવ્યું હતું ત્યારથી એ પહેલાંના જેવો હસમુખો દેખાતો નથી.

બાદશાહ બોલ્યા કે જો તે વાતનો ખર્ખરો હજી એ એના મનમાં રેહેવા દેતો હોય તો એને ગાંડો જાણવો. એ અમારી તપાસમાં કેવળ નિર્દોષ ઠર્યો છે અને અમારી પ્રીતિ એના ઉપર હતી તેથી પણ હાલ અધિક છે. બીરબલે નમ્રતાથી ઘણી ઘણી તાઝીમની સાથે કહ્યું કે ખુદાવંદ સાહેબે તો પોતાના હમેશના કૃપાળુ સ્વભાવ પ્રમાણે મને પાછો પ્રીતિમાં સંપૂર્ણ રીતે દાખલ કર્યોછે, તોપણ મારી જે ફજેતી થઈ તે મારા મનમાંથી હું બહુ કરૂંછું તોપણ દૂર થતી નથી.

પેલા જોશીએ કહ્યું, સાહેબ, બીરબલ ખરૂં કહે છે. બદનામી બહુ બુરી ચીજ છે અને તે સારા માણસના અંત:કરણમાં રાત દહાડો સાલ્યાજ કરે.

बदनामी बूरी बहुत, जगमे जान नि:शंक;
एक कलंकके कारने, क्षण क्षण क्षीण हि मयंक.

અર્થ:-નિશ્ચય જાણો કે જગતમાં બદનામી બહુજ ખરાબ છે. ચંદ્રઆવો રૂડો અને સર્વપ્રિયછે તોપણ એક જાુજ કલંક લાગ્યું છે તે કારણથી તે પળપળ (પોતાના દીલમાં બળીને) ક્ષીણ થઇ જાય છે.

બાદશાહે કહ્યું કે તમારો તર્ક તો ઠીક છે, પણ ચંદ્ર ને બીરબલ બંને મને તો ઘેલા જણાય છે. જગન્નાથ, તમે કાંઇ બંનેને શીખામણ રૂપ બોલો કે તેઓ પોતાની ગાંડાઇ

મૂકી દે. જગન્નાથ કહે, ચંદ્રને તો આરંભમાંજ બોધ મળ્યોછે. તેથી ક્ષીણ થાયછે તો ખરો, પણ પાછો પોતાની મેળેજ સમજીને વૃદ્ધિ પામે છે, અને મને આશા છે કે બીરબલ પણ તેમજ કરશે. તે છતાં આપની આજ્ઞા છે તો પહેલાં એક દુહો મારે પોતાને માટેજ કર્યો હતો તે બોલુંછું.

क्यौंहि किई क्षीण सब कला ? सुन शठके कटु बैन ?
रसदर्शीकी नझरमें, अमृत पें तुं ऐन.

ભાવાર્થ :- તેં તારી સઘળી કળા ક્ષીણ કેમ કરી નાંખી? શું શઠ માણસના કડવા બોલ સાંભળીને? એમ તારે કદી પણ કરવું નહિ, કેમકે રસના સમજવાવાળાની નજરમાં તો તું સદા અમૃતથી પણ સરસ છે.

આ દુહો ચંદ્ર અને કવિ એ બંનેને સરખીજ રીતે લાગુ પડેછે. શરદપૂનમની રાત્રિએ કેટલાંક માણસો ભેળા થઇને ચાંદનીમાં ખાતા હતા. બધા આનંદમાં તલ્લીન થઇ ગયા છે તે વેળા તેમાંથી કોઇ નીરસ માણસ બોલી ઉઠ્યો કે ચંદ્ર ગમે એવો ખીલે પણ એમાં પેલું કલંક છે તે કાંઇ ઢાંક્યું રહેતું નથી. આ પ્રસંગે આવું વચન બધાને વસમું લાગ્યું પણ કોઇ બોલ્યું નહિ. પંદર દહાડા પછી તેઓ પાછા દીવાળીને દિવસે રાતને સમે મળ્યા. તે વેળા જાુએછે તો ચંદ્રની સઘળી કળા નાશ પામી ગએલી અને આકાશમાં અંધારું ઘોર તે ઉપરથી તેમાંના કોઇ રસિક માણસે કાંઇક રીસ તથા ઉદાસીની સાથે ઉપલો દુહો કહ્યો.

કવિપક્ષે તો એનો અર્થ સ્પષ્ટજ છે. શઠ લોકનો અનાદર જોઇ મનમાં મૂઝાઇને કોઇ કવિ પોતાની કાવ્યકળા પ્રકાશતો બંધ પડ્યો હશે તેને કોઇ રસના સમજનારે ઉત્તેજન આપવા ઉપર પ્રમાણે કહ્યું.

બીરબલ અત્યાર લગી તો ચુપ બેસી રહ્યો હતો, પણ આ પ્રસંગે તેનાથી બોલ્યા વિના રહેવાયું નહિ. એણે કહ્યું, પંડિતરાજે બે અર્થ તો બરાબર લગાવ્યા, પણ હું ધારૂંછું કે જે અર્થે એમણે એ દુહો મૂળ રચેલો તે તો કાંઇ જાુદોજ હશે. જગન્નાથે હસીને કહ્યું કે બીરબલે પરીક્ષા તો સારી કરી. એનો અર્થ શૃંગારપક્ષે પણ થઇ શકે છે. એમાં ખંડિતા પ્રતિ દક્ષનાયકની ઉક્તિ છે.

પછીથી સભામાં ચર્ચા ચાલી કે લોકમાં નિંદા થાય તેથી ડરી રહેવું એ સારૂં કે પોતાની નજરમાં જે યોગ્ય લાગે તે કર્યાજ જવું. કોઈ કહે કે જગતનો સ્વભાવ તો છિદ્ર શોધવાનોજ છે અને તેના બોલવા ઉપર કાંઈ લક્ષ આપવું જોઇએ નહિ. કોઇ કહે કે પંચ ત્યાં પરમેશ્વર, ને પાંચ માણસ કાંઈ ખોડ કાઢે તો તે ખરીજ જાણવી. બીરબલના સામાવાળીયામાંથી કોઇ તજવીજથી એમ પણ બોલ્યો કે ચંદ્રમાં કલંક છે તોજ કોઇની પણ તે કહેવાની હિંમત ચાલેછે કેની? આ ઉપરથી બીરબલને ગુસ્સો ચડ્યો ને તે નીચે પ્રમાણે બોલી ઉઠ્યો:-

मृदुमयंककलंक जन, ताकत भाखत मुख;
दुष्ट दृष्टि नहि कर शके. शूर सूर सन्मुख.

અર્થ:- ચંદ્ર કોમળ સ્વભાવનો છે તેથી તેનું કલંક માણસ તાકી તાકીને જાુએછે

અને મોઢે પણ કહેછે, પણ શૂરા સૂર્યની સામા જરા નજર કરવાની પણ તે દુષ્ટની હિંમત ચાલતી નથી.

બાદશાહ આ સાંભળીને રાજી થયો. પણ એક બીજાને મહેણાંટોણાં મારતા બંધ થાય એમ ધારી વાત ફેરવી અને કહ્યું કે આ સુંદર વર્ષાઋતુ ચાલેછે તે મૂકીને તમે બીજા ઉપર શા માટે કવન કરોછો. કોઇ બોલ્યું કે દરિયામાં આ વખતે જોવા લાયક તમાશો થઈ રહેછે. ઉપરથી મૂસળધાર વર્ષાદ પડે અને નીચેથી દરિયાના મોજાં ઉછાળા મારી વાદળને જઇ અડકે તેથી આખું જગત જળમય દેખાય છે. જોશી કવિએ કહ્યું કે એ વિષે મેં કાંઇક કવિતા કરી છે તે સાંભળો:

जा बादलको सिंधुजल, उछलहि भेटत आप;
बर्खाऋतमें हर्खसे, देख स्वसूतप्रताप.

અર્થ:- વર્ષા ઋતુમાં દરિયાનું પાણી ઉછળીને વાદળને જઇ ભેટે છે, કેમકે મેઘ જે પોતાનો પુત્ર છે તેનો આ વેળા આવો મોટો પ્રતાપ જોઇને ઘણો હરખ થાયછે. મેઘને દરિયાનો પુત્ર કહેવાનું કારણ એ કે તેના પાણીની વરાળ થવાથીજ તે ઉત્પન્ન થાય છે.

જગન્નાથે કહ્યું કે જોશીએ કવિતા ઠીક કહી સંભળાવી, કેમકે એમાં વર્ષાઋતુના વર્ણનની સાથે વત્સરસ પણ આવ્યો.

વરસાદનાં ઝીણાં ઝીણાં ટપકાં પડતાં જોઇ કોઇએ કહ્યું કે આકાશમાં આટલું બધું પાણી ભર્યું છે તે છતાં વરસાદ કેવો કૃપણ છે કે ટીપુટીપુંજ આપે છે. રાજા ટોડરમલ્લે કહ્યું કે આ પ્રમાણેજ મૂર્ખા લોકો ડાહ્યા રાજાઓની નિંદા કર છે, પણ તેમણે મેઘ રાજાની કૃતિ જોઇને દિલાસો લેવો જોઇએ.

बूंद बूंद धन देत जल, जदपि सिंधुसम कोष;
अखंड अवनीपाल क्यौं, करे अनीति दोष?

અર્થ:-મેઘરાજાની પાસે દરિયા જેવડો મોટો ભંડાર છે તોપણ તે ટીપે ટીપેજ પાણી આપેછે; જેને આખી પૃથ્વી પાળવીછે તે તે અનીતિનો દોષ કેમ કરે?

એ સાંભળી જગન્નાથ પંડિત નીચે પ્રાણે બોલ્યા —

नदी नया जल पायके, फूली किया सब ख्वार;
फिर ग्रीख्म कें खपबखत, धूल हुइ निर्धार.

એનો અર્થ એવો છે કે વરસાદનું નવું પાણી એક નાની નદીમાં આવ્યું કે તે એકદમ ફૂલી ગઇ, એટલે મોટું પૂર આવ્યું અને ચોતર્ફ રેલાઈ ગઈ, તેથી આસપાસ ખેતરો, બાગબગીચા, ને ગામો હતાં તે પણ સઘળાં ખરાબ થઇ ગયાં. એ રીતે પોતાની આબાદીના વખતમાં એ નદીએ પોતાનું કે પારકું કાંઇ ભલું કર્યું નહિ, પણ ઉલટી બધાને દુ:ખ રૂપ થઇ પડી. પછી જ્યારે ઉન્હાળામાં પાણીની ખપનો વખત આવ્યો, ત્યારે તો પોતેજ સૂકાઈ ગઈ, તે ત્યાં ધૂળ ઉડવા લાગી, તો બીજાને તે વેળા તે શો ફાયદો કરી શકે? મતલબ અણસમજુ ઉડાઉ માણસો બીજાને કાંઇ પણ ફાયદો કરતાં નથી, પણ પરિણામે પંડને અને બીજાને તેઓ દુ:ખરૂપ જ થઈ પડે છે.

આ કવિતા સાંભળી સઘળાનાં દિલ બહુજ રંજન થયાં. બાદશાહે પ્રસન્ન થઈ

કહ્યું કે જગન્નાથ કવિની વાણીમાંજ મીઠાશ રહેલીછે. હવે તો બીરબલ એનો ખેદ મૂકી દે અને પ્રફુલ્લિત ચિત્તે વર્ષાઋતુ વિષે કાંઇ કવિતા કરે તો પછી આપણા આનંદમાં કાંઈ ન્યૂન રહે નહિ.

બીરબલે કહ્યું કે આપના હુકમ આગળ ખેદ કે દીલગીરીની શી તાગાદ છે કે તે ટકી શકે. એમ કહી કવિતા કરવા સારૂ આકાશ ભણી એણે સહજ નજર કરી જોયછે તો આકાશમાં મનોહર લીલા થઈ રહી હતી, સૂર્ય આથમવાનો વખત હતો, પશ્ચિમ દિશા અવનવા રંગોથી દીપી રહી હતી. માથા ઉપર મેઘધનુષ્ય ઝળકી રહ્યું હતું, અને પૂનેમ હતી તેથી પૂર્વ ભણી ચંદ્ર પણ ઉગ્યો હતો. મહેલના બાગમાં માંડવા નીચે એ દહાડે બેઠક હતી તેથી વનસ્પતિની શોભાનો પણ કાંઈ પાર નહોતો. બીરબલ તો આ સૌંદર્યસિંધુમાં ગરકજ થઇ ગયો, અને શું કરૂં ને શું મૂકી દઉં તેની એને કાંઈ સૂઝ પડે નહિ.

એવામાં ઘોડો ફેંકતા મિયાં અબુલફઝલ ત્યાં આવી પહોંચ્યા અને તેના દેખાવ ઉપરથી જણાયું કે કાંઇ અગત્યની ખબર લાવ્યા છે. એણે તુર્ત આવીને બાદશાહના હાથમાં કાંઇ કાગળ આપ્યો. બાદશાહ ઝપાટામાં તે કાગળ ઉપર નજર ફેરવી ગયા, ક્ષણેક વિચાર કર્યો, તે પછીથી જાહેરમાંજ કહ્યું કે અબુલફઝલ, એમાં કાંઈ ગભરાવા જેવું નથી. કાલે અમે પંડેજ ફક્ત બે હજાર સવાર લઇને એ રાજા ઉપર ચડીશું. પણ મને આશ્ચર્ય લાગેછે કે ચંદ રાજાની ઉપર હું આટલી બધી પ્રીતિ રાખતો હતો તે છતાં એણે બંડ શા માટે કર્યું હશે.

આ સાંભળી બધા નીચું જોઈ રહ્યા, કેમકે બધાના જાણવામાં હતું કે કેટલાક વખતથી સઘળા રજપૂતો ધુંધવાઈ રહ્યા હતા, અને તેનું કારણ એ હતું કે કેટલાક વખતથી અકબરશાહના ઝનાનામાં દર શુક્રવારે મોટી મોટી રજપૂતાણીઓને બોલાવવામાં આવતી, ત્યાં બજાર ભરાતો અને વખતે પાદશાહ પંડે તે જોવાને નિમિત્તે ત્યાં જતો. એમાં બગાડો તો કાંઇ નહોતો, પરંતુ રજપૂતોના જીવ એથી બહુ કચવાતા હતા. પણ આ વાત પાદશાહને મોઢે કોણ કહે? રાજા ટોડરમલે બીરબલને ઇશારત કરી કે તું બટકબોલો છે તેથી તારાથી કહેવાય તો મશ્કરીમાં કહે. એણે માથું ધુણાવી કહ્યું કે ઠીક છે.

બાદશાહ તો બીજા દિવસની કૂચને માટે અબુલફઝલને સૂચના આપી રહ્યા કે જાણે કાંઇ નવીન બન્યુંજ ન હોય તેમ હસતે મ્હોંઢે બીરબલ તર્ફ જોઇને કહ્યું કે કેમ? હજી તારી કવિતા તૈયાર થઇ કે નહિ. હાજી, એમ કહી બીરબલ નીચે પ્રમાણે બોલ્યો:

रंगबेरंग मनोहरां, पतरीपयोधरीवृंद;
मित्र ठरा थिर रक्त हो, चार चडाया चंद.

અકબરશાહ અને બીરબલ. ભાગ-૯ મો

બીરબલનો આ ઝડાકો સાંભળતાંજ સભામાં સઘળાએ નીચું જોયું અને થોડીક ક્ષણ સુધી કોઇ કાંઈપણ બોલી શક્યું નહિ. બધા વિચારમાં પડ્યા કે હવે બાદશાહ કોણ જાણે શું કરશે. પણ અકબરશાહ મોટા મનનો હતો અને તે સમજી ગયો કે પરોક્ષે મને

બોધ કરવાને સારૂજ બીરબલે આવાં કઠણ વચન કહ્યાંછે. તેથી તે એટલુંજ બોલ્યો કે બીરબલ મ્હેં તને વર્ષાઋતુની કવિતા કરવાનું કહ્યું હતું તેને ઠેકાણે તું આ શું બક્યો?

બીરબલે પોતાનું માથું જમીનની સાથે લગાડી ઘણી નમ્રતાથી કહ્યું કે જહાંપનાહ, એ વર્ષાઋતુની સાયંકાળનુંજ વર્ણન છે. એમાં એમ કહ્યું કે ભાતભાતના રંગથી મનને હરવાવાળી પાતળી વાદળીઓના ટોળામાં મિત્ર નામ સૂર્ય રાતો ચોળ થીર ઉભોછે, મેઘ ધનુષ્ય ચઢ્યુંછે, અને ચંદ્રમા સામો આવ્યો છે.

બાદશાહે કહ્યું કે એ અર્થ બરાબર બંધ બેસતો નથી, કેમકે સૂર્ય થીર ઉભો રહે એ વાત ખોટીછે. બીરબલે જવાબ આપ્યો કે સાહેબ, ખરેખરોતો સૂર્ય ઉભો રહેતો નથીજ, પણ જો આથમતી વેળા ન્યાળીને જોઇએ છઇએ તો તે ઉભો રહેતો હોય એમજ દેખાયછે. જગન્નાથ પંડિત વગેરે બીજા સૃષ્ટિ સૌંદર્યના અભ્યાસીઓએ સાક્ષી પૂરી કે સાંજે એ પ્રમાણે દેખાયછે ખરૂં. તેથી એ વાતતો સાબીત થઇ, ત્યારે બાદશાહે બીજી શંકા કાઢી કે વાદળીઓને પાતળી કહેવાનું પ્રયોજન શું?

આ સવાલનો જવાબ શી રીતે દેવો તેનો બીરબલ વિચાર કરતો હતો એટલામાં જોશીકવિ (જે પાછળથી બીરબલનો પરમ મિત્ર થયો હતો તે) બોલી ઉઠ્યો કે સાહેબ, આખા દુહામાં એજ વિશેષણ જ્યોતિષ પક્ષે ખરેખરૂં સાભિપ્રાયછે. વાદળીઓ જાડી ઘટ્ટ હોય તોતો તે ઘનઘોર દેખાય. અને વરસાદ આવે. જ્યારે વાદળીઓ પાતળી હોય ત્યારેજ તેને ભેદીને સૂર્યનાં કિરણ આપણી તર્ફ આવી શકે, અને આકાશમાં રંગબેરંગી લીલા જામી રહે.

પાદશાહ પંડેજ ભૂલ કાઢવાને ચાહેછે એમ જાણી મિયાંલબ્બે ત્યાં ખુણામાં બેઠા હતા તેણે ધણીયાણી લબાસની સાથે ભારે ટાહેલું ચલાવ્યું, પણ તેનો સાર એ હતો કે એક કાળેજ સૂર્ય ને ચંદ્રનું વર્ણન કર્યુંછે તે અશક્યછે બીરબલે હસીને એટલુંજ કહ્યું કે મિયાં, તમારી અકલમાં હમેશાં અમાસજ રહેછે એટલે તમે પુનેમનું વર્ણન ક્યાંથી સમજી શકો?

કોઇએ કહ્યું કે "ચડા" ને "આયા" એ બે શબ્દની સંધિ કરી નાખી છે તેમ પ્રાકૃતમાં થતું નથી. જગન્નાથપંડિતે જવાબ આપ્યો કે આ દુહામાં શ્લેષ છે તેથી એ દોષ ગણાય નહિ, પણ એટલું બોલીનેજ એ અચકાઇ ગયા, કેમકે વિચાર આવ્યો કે બાદશાહ જો શો શ્લેષછે એમ પૂછશે તો મારે એમની વિરૂદ્ધનો અર્થ કરી બતાવવો પડશે. પણ પાદશાહતો મૂળથીજ એ અર્થ સમજી ગયો હતો. તે છતાં પોતે કાંઈક ગુસ્સાનું ડોળ કરીને કહ્યું કે બોલ, બીરબલ, એ દુહો ફરીથી, અને એમાં બીજો શો અર્થ રાખ્યો છે તે કહે.

હુકમ થયો એટલે કાંઇ ચાલે નહિ તેથી બીરબલે તે દુહો ફરીથી નીચે પ્રમાણે ભણ્યો:

रंगबेरंगे मनोहरी, पतरीपयोधरीवृंद;
मित्र ठरा थिर रक्त हो; चाप चडाया चंद.

અને પછી એનો અર્થ કરતી વેળા ડર ખાઈને ઉભો રહ્યો. બાદશાહે કહ્યું, બ્હી

નહિ, ને બરાબર અર્થ કર, કેમકે અહિયાં ખાસમંડળજ બેઠુંછે. આ ઉપરથી બીરબલને હીંમત આવી અને એનો અર્થ "ભાતભાતના રંગથી મનને હરણ કરવાવાળી પાતળી સ્ત્રીઓના સમુદાયમાં મારો મિત્ર આસક્ત થઇને સ્થીર ઉભોછે, અને તેના સામો ચંદરાજા ધનુષ્ય ચડાવીને ધસી આવ્યોછે." એ રીતનો થાયછે એમ કહીને એણે ઘણી ઘણી આજીજી, દીનાતા તથા તજવીજથી પોતાની બેઅદબીને માટે માફ માગી, અને કહ્યું કે આ આખું મંડળ આપને એ બાબત કહેવાને ઈચ્છતું હતું તેથી મ્હેં આપનું ભલું ચાહી મેં મારૂ માથું આપની તરવારની ધારપર મૂક્યુંછે. તે ચાહો તો કાપી નાંખો કે મહેરથી શિરપેચ બંધાવી સુશોભિત કરો. બીજા સભાસદો પણ પોતાની તર્ફના બે શબ્દ આ પ્રસંગે લાગ જોઈ બોલ્યા, અને સમજાવ્યું કે રાજના હિતને માટે આટલી ચેતવણી આપવી આપને જરૂરજ હતી.

અકબર તો મૂળથી જ સઘળો ભાવ સમજી ગયો હતો. તેતો બીરબલની હીમંત, હિતબુદ્ધિ, તથા ચતુરાઈથી ઘણોજ પ્રસન્ન થયો હતો. તેથી તેણે સઘળા મિત્રોને તથા તેમાં વિશેષે કરીને બીરબલનાં બહુજ વખાણ કર્યા, અને તેમનો અંત:કરણથી પાડ માન્યો. એણે કહ્યું કે મારાં ધનભાગ્ય સમજાંછું કે મને તમારા જેવા મંત્રીઓ મળ્યાછે. બધાએ જવાબ આપ્યો કે એ આપની લાયકીછે કે તમે અમારો ગુણ માની લો છો, અને કદાપિ અમારામાં કાંઇ ગુણ છે તોપણ તેની કદર કરનાર આપના જેવા આ જગતમાં કોણ મળનાર છે.

આ પ્રમાણે વાત ચાલેછે એટલામાં ઝવેરીઓને બોલાવ્યા હશે તે ત્યાં આવી પહોંચ્યા, અને એકેકથી ચડીઆતો માલ દેખાડવા લાગ્યા. એ ઝવેરાત જોઇ સઘળાનાં મન રાજી થયા અને બાદશાહે કેટલીક ખરીદી કરવી હતી તે કરી. એવામાં કોઇએ પછ્યું કે હીરાથી અંધારે અજવાળાં થાય એમ કહેવાય છે તે ખરૂં હશે? ઝવેરીઓ કહે કે સારો હીરો હોય તો થાય, અને કેટલાક શાસ્ત્રીઓએ કહ્યું કે ન થાય, કેમકે રત્નમાંકાંઈ જાતનું તેજ નથી. એ વાતનું પારખું જોવાને સારૂ ભંડારમાંથી બાદશાહે કોહિનૂર હીરો મંગાવ્યો, ને પાસેની એક ઓરડીમાં મૂકી જોયો તો ઝળકતો માલમ પડ્યો. શાસ્ત્રીઓએ કહ્યું કે એમ નહિ, છેક અંધારામાં મૂકવો જોઇએ. તે ઉપરથી તેને ભાંયરામાં ભાંયરૂ હતું ત્યાં મૂક્યો. ત્યારે તો કાંઇ પણ તેજ માલમ પડ્યું નહિ. તે ઉપરથી બધાની ખાત્રી થઇ કે હીરામાં જાતનું તેજતો કાંઈ નથી, પણ તેના ઉપર થોડુંએ અજવાળું પડેતો તે પરાવર્તન પમાડી ઘણું દેખાડે. મિયાંલબ્બેએ કહ્યું કે ત્યારે હીરામાં કાંઇ ખૂબી રહી નહિ.

બીરબલે જવાબ આપ્યો કે મોટી ખૂબી એ કે કોઇનો જરા ગુણ જોતાંજ તેને સો ગણો વધારીને બતાવેછે. તે ઉપરથી રાજાટોડરમલ્લ નીચે પ્રમાણે બોલ્યા:

गुनदिनकरके किरनको, कीर्त्ति परावर्तन;

सो जाकी ज्यौं पात्रता, त्यौंहि होत उत्पन्न.

અર્થ:-ગુણરૂપી સૂર્યછે તેનાં કિરણનું જે પરાવર્તન પામવું તેને કીર્તિ કહીએ. તે (કીર્તિ) જે પદાર્થ ઉપર પડેછે તેની પાત્રતા પ્રમાણે ઉત્પન્ન થાય છે, એટલે કીર્તિ સારી

નઠારી થવી એ મૂળ ધણીના ગુણ ઉપર આધાર રાખતી નથી, પણ સામા માણસના સ્વભાવ ઉપર આધાર રાખેછે. જેમકે જગન્નાથપંડિત, મુલ્લાફૈઝી વગેરેની અકબરશાહ ખૂબી ગણેછે અને મુલ્લાં ઝનૂનુદ્દીન જેવા નિંદા કરેછે તે બધાનું કારણ એજ કે એ પંડિતો તો એના એજછે પણ એની કદર જાણનારની પાત્રતા જાુદી જાુદીછે. તે ઉપરથી બીરબલ બોલ્યો કે:

पूरन परावर्तन करत, किरन मनीमानीक;

झले झरा न जलैं यदि, पत्थर जो अरसिक.

અર્થ:-મણિમાણેક જે છે તે પોતાની ઉપર પડેલા કિરણોને સંપૂર્ણ રીતે પરાવર્તન પમાડેછે, અને પત્થર જે અરસિક છે તે કદી બળી જાય તોપણ જરાએ ઝલે મારતો નથી.

જગન્નાથે કહ્યું કે રાજા ટોડરમલ્લે બહુ ડાહી વાત કહી. કીર્તિ એ ગુણનું ખરેખરૂં પરાવર્તનજ છે. ગુણ હોય નહિ તો પરાવર્તન પડેજ નહિ. અને હોય તો પડ્યા વિના પણ રહે નહિ. તે કેટલું ને કેવું પડે તે પાત્રતા ઉપર આધાર રાખેછે, ગુણની ઉપર નહિ.

शुद्ध सुगुनरुप सुरज इक, विविध कीर्ति प्रतिबिंब;

लाल लीलम मिट्टी स्फटिक अंबुआदि आलंब.

અર્થ:-સુગુણરૂપી સૂરજ તો નિર્મળો એકજ છે, પણ તેનાં કીર્તિરૂપી પ્રતિબિંબ લાલ લીલમ, સ્ફટિક, માટી, પાણી વગેરે જાુદા જાુદા પદાર્થનું આલંબન પામેછે તે પ્રમાણે જાુદાં જાુદાં પાડે છે.

ફૈઝીએ કહ્યું કે ખૂબ કહી, જેમ સૂરજનાં કિરણો નિર્મળ છે તો પણ લાલમાંથી જોતાં લાલ, લીલમમાંથી જોતાં લીલાં, સ્ફટિકમાંથી ચળકતાં ધોળાં, માટીમાંથી શૂન્ય અને પાણીમાંથી કેવળ નિર્મળ દેખાય છે, તેમજ ગુણીજન તો એકનો એક હોય છે પણ તેને જાુદા જાુદા માણસો જાુદે જાુદે ભાવે જોય છે.

પ્રસંગ જોઈ બીરબલે અટકચાળું કર્યું કે મિયાંલબ્બે, "લાલલીલમ મિટ્ટી સ્ફટિક" એમાંથી તમને શેમાં ગણવા, અને એમ બોલાતાં "મિટ્ટી" શબ્દ ઉપર એવો ભાર મૂક્યો કે એના પ્રશ્નો જવાબ તેમાંજ આવી રહ્યો. મિયાં સાહેબ તો બિચારા અમાસ પુનેમની બાબતમાં પોતાની ભૂલ થઈ હતી તેના હૈયાશોકમાંજ ગિરફ્તાર હતા, અને તેમાં આ બીજો સપાટો સાંભળી છેકજ ગભરાઇ ગયા. તેથી જવાબ દેવા માંડ્યો પણ કાંઇ બોલાઈ શક્યું નહિ, અને પેલી અમાસ પુનેમની વાત મનમાં ઘોળાયા કરતી હતી તેથી ગભરાટમાં "કાળી પુનમની રાત" એમજ બોલાઇ ગયું. આ સાંભળી આખી સભા ખડખડ હસી પડી, અને મિયાંલબ્બે છેક રડવા જેવા થઇ ગયા.

એ વેળા ઉદાર બીરબલ પોતેજ એની મદદે આવ્યો એણે કહ્યું કે સાહેબ, મિયાંલબ્બે તો સમશ્યા પૂછેછે અને કહેછે કે છેલ્લું ચરણ "કાળીપૂર્નિમા રાત્ર" આવે એવી એક આ પ્રસંગને અનુસરી કવિતા બનાવો.

બાદશાહે કહ્યું કે ત્યારે તે તુંજ બનાવ. જેવો હુકમ એમ કહી તેણે નીચેનો દુહો બોલી બતાવ્યો:-

नरम सुखद संजोगिको, गरम बिजोगी गात्र;

कर्ममर्मभरी रोगिको, काली पूर्णिमारात्र.

અર્થ:-શરદ પુનમની રાત સંજોગીને નરમ ને સુખદાયક લાગેછે, તેજ વિજોગીના શરીરને ગરમ લાગેછે; અને રોગીને કાળી ભયંકર જણાયછે કેમકે તે રાતમાં એના કર્મનો સઘળો મર્મ ભરેલો છે.

જોશીએ કહ્યું કે વૈદ્યકશાસ્ત્રમાં અમાસ પૂનેમ રોગીને ભારે ગણીછે, અને વળતાં પાણી થવાનાં હોયછે તો તે દિવસથીજ થવા લાગેછે, નહિતો તે ચાલતો થાયછે, માટે એ રાતને કર્મમર્મભરી કહ્યું એ ખરેખરૂં યથાર્થ છે.

______________*************______________